

जैनम् जयति शाशनम्
બુદ્ધિ પ્રભા
મોક્ષ નૈયા
દલસુખ

## લેખકોને ....

(૧) બુદ્ધિપ્રભા જ્ઞાનને વધારે, ભાવનાને ઉદાત્ત બનાવે તેવા લેખો, પ્રેરક પ્રસંગો, વાર્તાઓ વ. સ્વીકારે છે.

(૨) **બુદ્ધિપ્રભામાં કાવ્ય, ગીત, સ્તવન વ. લેવાતાં નથી.**

(૩) આપનું સર્જન પાનાની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલું હોવું જોઇએ.

(૪) લેખ માટે મર્યાદા હોવાથી લેખકોને ફુલ્સ્કેપ ૭ પાનાથી વધુ નહિ તેવી ટુંકી વાર્તાઓ લખી મોકલવા વિનંતી છે.

(૫) આપના સર્જનનો સ્વીકાર કે અસ્વીકાર તેની યોગ્યતા પરજ રહેશે.

(૬) જવાબ માટે ટીકીટ બીડવી જરૂરી છે.

---

## ના સ્મરણાર્થે ...

અમોને જણાવતાં હર્ષ થાય છે કે અમે **સ્વ૦ શ્રી૦ માણેકલાલ ચુનીલાલ**ની સ્મારક પૂર્તિ આ અંક સાથે રજુ કરીએ છીએ.

તેઓશ્રીના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની શ્રી ચંપાબેને "બુદ્ધિપ્રભા"ને રૂપિયા પાંચસો (રૂા. ૫૦૦-૦૦) અર્પણ કર્યા છે.

તેમની ઉદાર સખાવત માટે અમે ધન્યવાદ આપીએ છીએ અને આભાર વ્યકત કરીએ છીએ.

(વિશેષ હકીકત અન્યત્ર આપવામાં આવી છે)

---

## શ્રધ્ધાંજલિ.....



સ્વ૦ પૂ૦ પ્રશાંતમૂર્તિ મુનિરાજશ્રી
ચંદનસાગરજી મ. સા.

સદ્‌ગત મુનિરાજશ્રી ચંદનસાગરજી મ. સા. પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ આચાર્યદેવશ શ્રીમદ્ કીર્તિસાગરજી સૂરિશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન હતા.

મહા સુદી ૫ ના રોજ અમદાવાદ, ઝવેરીવાડ આંબલીપોળના ઉપાશ્રયે તેઓશ્રી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા.

"બુદ્ધિપ્રભા" તેઓશ્રીને સાદર વંદના સહ અંજલિ અર્પે છે.

—તંત્રીઓ.

# મુક્તિપ્રભા

— માસિક —

તંત્રીઓ: પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી
શ્રી. રસીકલાલ જીવાભાઈ કાપડીઆ

વર્ષ ૨ જું
અંક ૧૮

પ્રેરક:- મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી

સંવત ૨૦૧૭
ચૈત્ર


## વિશ્વ જ્યોતિર્ધરને..........

સત્ય માટે એ જીવનભર ઝઝુમ્યો, અહિંસા માટે એણે પોતાનું આખું જીવન ખર્ચી નાંખ્યું, જ્ઞાનની ઉપાસના માટે મૃત્યુ પર્યંત સાધના કરી. પ્રાણી માત્રની મૈત્રી માટે એ વનવગડામાં ઘૂમ્યો, નગર નગર ફર્યો, ઝુંપડી અને રાજમહેલોમાં ગયો, મુક્તિ (Salvation) ના ઉદાત્ત ધ્યેય સાથે જન્મ્યો અને એ ધ્યેયની અખંડ આરાધના કરતા અંતે ધ્યેયને ( મુક્તિ ) હાંસલ કરી.

જગતને સત્ય, અહિંસા, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના પંચશીલ

અને મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થની ઉમદા ભાવના તેમજ

સમ્યક્ દર્શન – સમ્યક્ જ્ઞાન – સમ્યક્ ચારિત્ર્યના મહામૂલા ત્રિરત્નની જગતને ભેટ ધરી જનાર

ચરમ **તીર્થંકર શ્રી.**
**ભગવાન મહાવીરને**
સાદર સમર્પણ..........

# ચિંતન કણિકાઓ.............

તારે જિંદગીનો ધુમાડો જ કરવો છે ને ? ભલે કર. પણ સીગરેટના ધુમાડાની માફક નહિ. કોઈ ધૂપસળીની જેમ એનો ધુમાડો કર......

દેવ ! તારી સરમુખત્યારશાહી માટે શું કહું ? મેં તો સંયમનો હાથ માગ્યો હતો. આ વાસનાને ક્યાંથી વળગાડી દીધી ?

અને હવે કહે છે બેયને પાળ ? દેવ ! જરા તો સમજ કે હું માનવ છું. તારા જેવો દેવ નથી......

" આ તે કેવી જિંદગી છે ? " એ ફરીયાદ કરતો હતો. " ભલા ભગવાન ! આવું જવાબદાર જીવન આપવું જ હતું તો પહેલાં મને પૂછવું તો હતું ને ? "

મેં કહ્યું–" ભલે એ તને ન પૂછ્યું. થઇ ગયાનો અફસોસ શો ? પણ હવે એ તને ક્યાં રોકે છે ? તને મન ફાવે તેમ હવે જીવી લે. જીવન હવે તારૂં જ છે. "......

અદમ્ય શાંતિ ને સમતાની પ્રસવ વેદનામાંથી ક્ષમા જન્મે છે. સહનશીલતા એ તો ક્ષમાની મા છે......

તપ એ તો આંતશત્રુઓ સાથે કરેલી સ્વેચ્છાપૂર્વકની સંધિ છે......

બકરો કસાઈને કહી રહ્યો હતો :

" માલિક મારા ! મારા મોતથી તારૂં જીવન સુખી થતું હોય તો જરૂર આ ગરદન પર છુરી ફેરવી દે. હું એક શબ્દ પણ નહિ બોલું. પણ તું આ રોજ મારે છે અને જીવાડે છે એ સહન નથી થતું. કાં તો એક ઝટકે ખતમ કર, કાં તો મને શાંતિથી જીવવા દે. "

દેવ મારા ! આપે તો એક વખતનું મોત આપજે. રોજ રોજ આમ જીવતું મોત ન આપીશ........

દેવ ! મને તારી કૃપાની પડી નથી. હું સાધક છું. ભિખારી નથી કે તારી દયાની ભીખ માગું. હું મારી સાધના પર મુસ્તાક છું અને મને શ્રદ્ધા છે એક દિવસ તું જાતે જ મારાં બારણાં ખખડાવીશ......

# મહાવીર ગૂમ થયા છે

## તંત્રી લેખ

વાચક મિત્રો! આ અંક તમારા હાથમાં આવશે ત્યારે ભગવાન મહાવીરનો જન્મ મહોત્સવ પતી ગયો હશે. એ નિમિત્તે યોજાયેલા સમારંભોના કોલાહલો શમી ગયા હશે. એની ઉજવણી માટે ઊભા થએલા મંડપો, રંગભૂમિ, લાઉડસ્પીકરના અવાજો બંધ થઇ ગયા હશે. સંસ્કાર વેરવાના આદેશથી ભજવાયેલ નાટકોના સંવાદો, એ વાર્તાલાપો, એ ભાષણો, એ ગીતો બધાં ભુલાઇ ગયાં હશે. એના મંદિરોની રોશનીઓ ઝાંખી પડી ગઇ હશે. એના અંગ પર ચઢેલી કીમતી હીરા માણેકની આંગીઓ ઉતરી ગઇ હશે. એના ઉત્સવના આનંદમાં ઘેલાં બનેલાં હૈયાં ઠંડાં થઇ ગયાં હશે. વીર વીરના જાપથી સતત ફરતી નવકારવાળીઓ ડબ્બીઓમાં પેક થઇ ગઇ હશે. "ભગવાનનો જન્મ દિવસ છે. આજે તો આનંદો, ઉમંગો, નાચો" એમ હર્ષના આવેગથી પહેરવા કાઢેલાં સુંદર રેશમી, ઉંચાં કપડાં પેટીમાં મુકાઇ ગયાં હશે. તેના પ્રશસ્તિમાં અપાયેલી અંજલિયો, લેખોથી ભરેલા છાપાઓ પસ્તીના ઢગલામાં દટાઈ ગયા હશે. તે દિવસની બધી જ ધમાલ આજ શાંત પડી ગઇ હશે. અને પૂર્વવત વ્યવહાર આજ શરૂ થઈ ગયો હશે.

વરસો વરસ આ દિવસ આવે છે અને એ દિવસ ધામધૂમથી ઉજવાય છે. સુધારાવાદીઓ એ દિવસ આધુનિક ઢબે ઉજવે છે. એ મંદિરના ગભારા છોડી મેદાનમાં ઉજવણી કરે છે. અને જુનવાણી માણસો એની ઉજવણી મંદિરમાં કરે છે. સુધારાવાદીઓ એમ કરી માને છે કે અમે સુધારો કર્યો છે અને આ રીતની ઉજવણીથી અમે વીરનો સંદેશો ઘરેઘર પહોંચતો કરીશું.

અમને અહીં ત્રિરાશી મુકવાનું મન થાય છે. આમાં સુધારો ક્યાં છે? મંદિરો છોડી મેદાનમાં આવ્યા એને તમે શું સુધારો કહો છો? રંગમંડપ મૂકી રંગભૂમિઓ સજાવી એને તમે શું સુધારો કહો છો? પૂજા, સ્નાત્રને બદલે ભાષણો અને નાટકો કર્યાં એને તમે શું સુધારો કહો છો? આંગી કાઢીને જાહેરમાં વીરને રંગીન શબ્દોથી નવાજો છો એને તમે શું સુધારો કહો છો? ઘીના દીવા બાજુએ મુકીને ઇલેક્ટ્રીક ગોળાની રોશની કરી એને તમે શું સુધારો ગણો છો? આ બધું તમે કર્યું એને શું તમે ક્રાંતિના નામે ઓળખાવો છો?

તો તો અહીં તમારી ભુલ થાય છે. જરા ઊંડેથી આ બધી બાબતોને તપાસીએ તો એમાં કશું જ ક્રાંતિ જેવું જણાતું નથી. હા. ચાર દિવાલમાંથી તમે ભગવાનને બહાર લાવ્યા. જૈન સમાજ ઉપરાંત બીજા સમાજ વચ્ચે પણ તેમને મૂક્યા એનો અમે સ્વીકાર કરીએ છીએ. પરંતુ આટલા માત્રથી જ તમે ક્રાંતિ કરી છે કે મહત્વનો એમાં સુધારો કર્યો છે એ સાબીત નથી થતું. અને ક્રાંતિનો રસ્તો એટલો સરળ પણ નથી. તમે તો જુનાને બદલે નવું સ્વરૂપ આપ્યું છે. એક છોડીને બીજાનો સ્વીકાર કર્યો છે. મંદિરને બદલે મેદાન, રંગમંડપને બદલે રંગભૂમિ, પૂજાને બદલે મેળાવડા, સ્નાત્રને બદલે નાટક, સ્તવનને બદલે કાવ્યો, પ્રતિક્રમણને બદલે પ્રવચનો એમ સાધનોનો બદલો જ કર્યો છે. ચા છોડીને કોઈ ઉકાળો પીવો શરૂ કરે એના જેવું તમે કર્યું છે. મૂળમાંથી કશું જ બદલાયુ નથી. માત્ર ઉપરનું ખોખું બદલાયું છે. અંદર તો એનું એ જ રહ્યું છે.

એ ક્રિયાઓ અને આજના કાર્યક્રમો સામે અમારો વિરોધ છે તેટલા માટે અમે આ નથી લખતા પરંતુ એ બન્નેય ઉજવણીમાં સાચા મહાવીર ક્યાં છે એ અમારે તો શોધવું છે. વીરની દેશનાના શ્રોતા

એમાંથી સંભળાય છે કે કેમ એ અમારે તો જાણવું છે.

ઘણા દુઃખ સાથે લખવું પડે છે કે એ બન્નેય ઉજવણીમાં મહાવીર ક્યાંય જડતા નથી. બન્નેયમાં પ્રદર્શન માત્ર પૈસા ને પ્રતિષ્ઠાનું જ થાય છે. મહાવીરની આંગી કોના તરફથી છે, એની પૂજા કોના તરફથી ભણાવવાની છે એની જ જાહેરાત વધુ જોવામાં આવે છે. કાર્યક્રમોમાં પણ એજ પુનરાવર્તન છે. કોણ પ્રમુખ છે, કોણ કોણ મુખ્ય મહેમાનો છે, કયો વક્તા છે એની જ જાહેરાતના દર્શન થાય છે. અને એ દિવસ પૂરો થતાં- ફલાણા શેઠે આંગી ભારે ચઢાવી હતી હો!, પ્રભાવના લાડુની કરી હતી... એમનું ભાષણ ખરેખર સુંદર હતું !... નાટકમાં પેલાની અદાકારી ખરેખર કમાલ હતી!... પેલા બેનનું નૃત્ય...વગેરે અવાજોથી સૌ વિખરાય છે.

આમાં અમને બતાવો કે મહાવીર ક્યાં છે ? ભગવાન ભૂલાય છે ને ભગવાનની પૂજા ભણાવનાર કે એના પર લાંબુ ભાષણ કરનારની વાહવાહ થાય છે ભગવાનની ભક્તિ કરતાં તો વધુ પ્રમાણમાં પોતાની અહંવૃત્તિનો- પોતે મંદિર કે મેળાવડામાં કશુંક મહત્ત્વનું કર્યું છે- સંતોષ જ જોવા મળે છે. નહિ તો જો વીરના આદેશો જીવનમાં બરાબર વણાયા હોય, તો એની ભક્તિ માટે ઉપાસરે ઉપાસરે શું જુદા ચોકા હોય ? એની અહિંસાના પાઠ જો ખરા અંતરથી શીખાયા હોય તો આજ જીવનને જીવવું મુશ્કેલ બનાવી દે એવા ભાઈ ભાઈના દુષ્ટ વ્યવહારો હોય ? દિલમાં સદાય ડંખ રહી જાય અને વેરની ભાવના સળગતી જ રહે એવા સામસામા કડવા ભાષણો હોય ? અપરિગ્રહ જો બરાબર સમજાયો હોય, આતમે એનો સ્વીકાર કર્યો હોય તો આજ સમાજમાં આવી ઘોર અસમાનતા હોય ? પોતાનો જ સાધર્મિક ભાઈ સીઝાતો હોય ત્યારે ઘરમાં રેડીઆ વાગતા હોય ? પંખા ફરતા હોય ? ને બારણે મોટરના હોર્નના અવાજો હોય ? મૈત્રી ને ક્ષમાના આદર્શ માટે દીક્ષા લઈ એના શિષ્યો આજ શું જુદા વાડાઓ બાંધીને બેઠા હોય ?

ભગવાનની આથી તો બીજી કઈ ક્રૂર મશ્કરી હશે ? થોડા વીરના સ્તવન ગાયા. એની પૂજા ભણાવી, એના ભાષણો કર્યા, લેખો છાપ્યાં, અને એના જન્મની ઉજવણી કરી એમ કહી આપણે ધન્યતા અનુભવીએ છીએ. ભગવાન સાથે પણ હવે આપણે બનાવટ કરવા માંડી છે તેનો આ વરસો વરસનો દાખલો છે. આ એક નગ્ન સત્ય છે કે આપણે માત્ર વીરની આરસપહાણની મૂર્તિની જ પૂજા ને ભક્તિ કરી રહ્યા છીએ. એના ભીતરનો તો આપણને સ્પર્શ માત્ર પણ થતો નથી.

અહીં અમને એક બીજી પણ વાતની નોંધ લેવાનું મન થાય છે. એ છે ખોટા ખર્ચની ટીકાઓ. સુધારાવાદીઓ પૂજા ને શાંતિસ્નાત્રો, ઉજમણાં ને વિધિવિધાનો પાછળ થતાં ખર્ચાની કડકમાં કડક ટીકાઓ કરે છે. એ બંધ થાય એવો આગ્રહ સેવે છે ત્યારે અમને તેઓને સવાલ પૂછવાનું મન થાય છે. એ નાટક, રંગભૂમિ, તંબુ, લાઉડસ્પીકર, ભાડે લવાતાં વક્તા ને ગાયકો શું મફતમાં થાય છે ? કલાકારોની વેશભૂષા, રંગભૂમિની સજાવટ, તંબુઓ પરની રોશની, કાર્યક્રમની જાહેરાત માટે થતો પ્રેસનો ખર્ચો એ શું સાચા ખર્ચા છે ? સમાજ માટે અનિવાર્ય છે ?

એ ખોટા છે કે સાચા એની અમે ચર્ચા ફરી ક્યારેક કરશું પણ અમને ભારે દુઃખ એનું થાય છે કે એ બધું ભગવાનને નામે થાય છે. એની ભક્તિને આગળ ધરીને બધું થાય છે. અને ખરી ભક્તિ કોની થાય છે એ તો અમે આગળ જણાવી ગયા છીએ. ભક્તિ માટે બાહ્ય અવલંબન જરૂરી છે એનો અમે સ્વીકાર કરીએ છીએ. પરંતુ એ અવલંબન જ્યારે રૂઢિ, શોખ કે જડક્રિયા બની જાય છે અને જ્યારે ખુદ ભગવાન ભૂલાઈ બીજાની જ ભક્તિ જોવા મળે છે ત્યારે તો અમને કહેવાનું મન થાય છે કે એ ધર્મદ્રોહ છે. ભગવાનનું ઓઠું ધરીને થતાં એ સમારંભો, એ પૂજા ને એ સ્નાત્રો એ બધું જ સમાજદ્રોહ છે.

આપણે સાચો રાહ ભૂલી રહ્યા છીએ અને જુદા માર્ગને જ સાચો માની આગળ વધી રહ્યા છીએ ત્યારે એ આંધળી કૂચથી અમારું અંતર

કરુણા ઊંડે છે માટે જ આ બધી લંબાણથી સ્પષ્ટતા કરી છે. ટીકાનો એમાં જરાય અંશ નથી.

બાકી અમારો તો આ નમ્ર અભિપ્રાય છે કે જ્યાં સુધી મહાવીરના જેવી ક્ષમાવૃત્તિ, એના જેવો પ્રાણીમાત્ર પ્રત્યેનો દયાભાવ, સત્ય માટેનો આગ્રહ, અહિંસા માટે જીવન આખું ખર્ચી નાંખવાની ધૂન, સંગોટી વગર પણ ચલાવી લેવાતું હોય. તેવી અકિંચનત્વની ભાવના, દુશ્મન પ્રત્યે પણ કરુણા ભાવ, આત્માની અખંડ જાગૃતિ, નિષ્કામ કર્મયોગ, નક્કી કરેલા આદર્શો માટે જે આવે તે સહી લેવાની શક્તિ અને આ બધું ય છતાં અત્યંત નમ્રતા, અંતરની પારદર્શક નિર્મળતા અને હૈયાની ઊંડી નિખાલસતા આ બધાં ગુણો જો જીવનમાં ન ઉતારીએ તો યુગો સુધી ભલે આપણે એની પૂજાને આંગીઓ કરીએ, ભાવનાઓ અને નાટકો કરીએ તે એ બધું નકામું જ જવાનું છે. કારણ ભાવના વગરની બધી જ ક્રિયાઓ શૂન્ય છે એ શ્રી સિધ્ધસેનનું વાક્ય આજ પણ એટલું જ સાચું છે.

આપણી એ બધી ક્રિયાઓ, એ કાર્યક્રમોમાં ભાવના રેડી, લાગણી લગાડી, આત્મા પરોવીને જડ બની ગયેલી એ ઉજવણીને શું સંજીવન ન કરીએ ? અને જ્યારે તેમ થશે ત્યારે અનંત સુખ ને શાંતિ, આનંદ ને ઉમંગ, સ્વર્ગનાં એ સનાતન સ્વપ્નાં દૂર નહિ જ હોય...

---

આજે મહાવીર વિચરતા હોય તો શું કહે એ ખબર છે ? એ કહે–

કોઈનો પ્રાણ લેવો એ હિંસા છે. પરંતુ કોઈના જીવતરને જીવવાનું મુશ્કેલ કરી દેવું એના જેવી મહાહિંસા બીજી એકેય નથી.

જુઠું બોલવું એ પાપ છે. પણ જુઠાણાનો સામનો ન કરવો અને મૂંગા મોંએ અન્યાય ને અત્યાચાર સહી લેવો એ મહાપાપ છે.

તું કોઈની વસ્તુ ઉપાડી લે તો તું ચોર છે. પરંતુ તું વસ્તુના ભાવ વધારી કે કાળા બજાર કરી કમાય તો તારા જેવો મહાચોર બીજો કોઈ નથી.

પરસ્ત્રી સમાગમ એ વ્યભિચાર છે. પણ પોતાની સ્ત્રી સાથેનો ય વારંવારનો સમાગમ એ પણ વ્યભિચાર જ છે.

તારી ઓછામાં ઓછી જરૂરિયાત જેટલો તું પરિગ્રહ રાખે તો એ પુણ્ય છે. પરંતુ એમ કરીને તું તારી વધારાની દોલત તારા દીકરાના નામે કે તારી પત્નિના નામે ચડાવે તો એ પુણ્ય નહિ પાપ છે......

---

# આત્મવિલોપન

લેખક:-ગુણવંત શાહ

એક દિવસ વીરની યશોદા અને આધુનિક નારીનો સ્વર્ગમાં ભેટો થઇ ગયો.

સ્વતંત્રતાની ચાહક આધુનિક નારીએ યશોદાના પ્રેમ પર આકરા પ્રહારો કર્યા. અને કહ્યું– " તારી જગાએ હું હોઉં તો એ વર્ધમાનને કહી દઉં, જો ઘર છોડીને આમ સાધુ જ બનવું હતું તો મારો હાથ શું કરવા ઝાલ્યો હતો ? એક કન્યાની મા મને શું કરવા બનાવી હતી ? જગતના દુઃખ હળવા કરવા મને સનાતન વિરહના દુઃખમાં નાંખવાનો તમને શું હક્ક છે ? મારા પર જો તમને હક્ક છે તો મને પણ તમારા પર હક્ક છે. અને એ હક્કથી જ હું કહું છું તમે મને છોડીને નહિ જઇ શકો. મારા સાનિધ્યમાં તમારું તપ જો ભાંગતું હોય તો જગતના દુઃખ તમે શું દૂર કરી શકવાના હતા ? અને તેમજ કરવું હોય તો પહેલાં મારું દુઃખ દૂર કરો. મને પરણીને માતૃત્વની ભેટ ધરીને તમે એકલા મને છોડીને હરગીજ નહિ જઇ શકો.... "

યશોદા શાંત ચિત્તે આધુનિક નારીને સાંભળી રહી હતી. એ બોલી રહી. હવે યશોદાનો વારો આવ્યો. એ બોલી : "બેન ! તારી પતિ પ્રત્યેની મમતા માટે મને માન છે. એના સાનિધ્યનાં વિરહથી તું દુઃખી થાય એ દુઃખ પ્રત્યે મને સહાનુભુતિ છે. પરંતુ બેન ! તારા ને મારામાં એક મૂળનો તફાવત છે.

તારો પ્રેમ એ હક્ક છે. મારી એ ભાવના હતી. તારા રાગમાં ભોગની લાલસા છે. મારા રાગમાં ત્યાગની હવા હતી. તારો પ્રણય અધિકાર માગે છે. સ્વાતંત્ર્યની ને સમાનતાની એ શરત કરે છે. મારો પ્રણય સમર્પણ શીખ્યો હતો. આત્મ વિસર્જનના એ પાઠ એણે જીવનમાં ઉતાર્યા હતા. તારે મન પતિ એ તારો મિત્ર છે. તારો પસંદ કરેલો એ સાથીદાર છે જ્યારે મારો પતિ એ મારો આરાધ્ય દેવ હતો. મારી એ સાધના હતો. તારે મન લગ્ન એ સગવડ છે. મારો એ આદર્શ હતો. તું તારા જીવનમાં જ સુખ જુવે છે. હું એના જ સુખમાં મારું સુખ માણતી હતી. અને મેં એને તારી જેમ હક્ક કરી રોકી રાખ્યો હોત તો મારો વર્ધમાન મહાવીર ન બન્યો હોત જગત આજ એની પગલાંડી પર ફુલ ન ચઢાવત. સવારમાં ઊઠી કોઇ એનું નામ ન લેત. આત્મ વિલોપન કરી મેં તો એને સદાય માટે અમર બનાવ્યો છે. જ્યારે તારો પતિ તો તારા મૃત્યુ સાથે તને ય વિસરી ગયો છે. અને જગત એવા મોતને યાદ પણ કરતું નથી...... "

શું અમરતાની વેદીને પોતાની પ્રિય વ્યક્તિનું જ લોહી પસંદ હશે ?

° ° °

પ્રભો ! મેં તારી અનેક પ્રતિમાઓ મારા મન મંદિરમાં બેસાડી છે. તારી એ એક એક પ્રતિમાનું એક આગવું દેવળ બની શકે તેમ છે. પણ મને તો એ તારી બધી જ પ્રતિમાઓને એક જ મંદિરમાં બેસાડવાનું ગમે છે.

તું પદ્માસન વાળીને બેઠો છે. મન આત્મામાં

લીન છે. વદન પર રૂપેરી ચાંદનીની નિર્મળતા રેલાઇ રહી છે. તારી એ શાંતમુર્તિ મને જરૂર ગમે છે. પરંતુ મને તો વધુ તારી પેલી કારુણ્યમુર્તિ ગમે છે.

ચંદન તને વિનવી રહી છે. એના આવકારમાં પ્રેમ છલકાઇ રહ્યો છે. એની આંખોમાં તને વધાવવાનું અજબ માધુર્ય છે. તને જોઇ એ ત્રણ ત્રણ દિવસની ભૂખ ભૂલી ગઈ છે. હાથપગમાં બેડી છે એ પણ વિસરી ગઇ છે. એના હૈયામાં તો આનંદ છે. એને બસ એક જ તમન્ના છે– "મારા દેવને પહેલાં જમાડુ" અને એ તને વિનવી રહી છે.

પણ તું પાછો ફરી જાય છે. ત્યારે તો દેવ ! તારા પર સખ્ત ગુસ્સો ચડયો હતો.

પરંતુ એ તો મારી જ ભૂલ હતી ને ?

થોડેય તું નહિ ગયો હોઉં અને તેં પાછું જોયું. ત્યારે ચંદનની આંખમાં આંસુ હતાં.

હવે તારાથી અસહ્ય થઇ પડયું.

તું પાછો ફર્યો અને બાકળા તેં સ્વીકારી લીધા.

પ્રભો ! કરુણાથી છલકતું તારું એ મોં હું આજ પણ સ્પષ્ટ જોઇ શકું છું. આથી જ તો વ્હાલા ! મને તારી એ કારુણ્યમૂર્તિ વધુ ગમે છે !...

• ◦ ◦

પ્રિયે ! તારો એક એક શબ્દ એ જીવનનો અમૂલ્ય પાઠ છે. તું જે કંઇ બોલ્યો, જે કંઇ કરવા કહ્યું એ બધું જ જિંદગીની એક મહામૂલી શિક્ષા છે.

પરંતુ સાચુ કહું ? મને તો તારા એ પ્રવચનો કરતાં, તારી એ દેશના કરતાં તારા મૌનમાંથી વધુ શીખવા મળ્યું.

આજે જ્યારે હું ઓછા ને અધૂરા જ્ઞાને બબડી ઊઠું છું, દલીલોની ઝડીઓ વરસાવી દઉં છું, ભાષણો કરવા દોડી જઉં છું, લેખો પ્રગટ કરાવું છું ત્યારે મને તારી એ મૂક સાધના યાદ આવે છે.

સાડા બાર વરસ સુધી તેં તપ કર્યું. તું જાણતો હતો છતાંય તેં એક શબ્દ ન કહ્યો. સમયની રાહ તેં જોયા જ કરી અને જ્યારે તને કેવળજ્ઞાન થયું ત્યારે જ તેં પહેલું પ્રવચન કર્યું !

દેવ મારા ! તારી એ સાધના ને ધીરજ જ્ઞાનનું એ ઊંડું ચિંતન ને મનન એ વિચારું છું ત્યારે મને મારા છિછરા જ્ઞાન માટે શરમ આવે છે.

વહાલા ! તારા એ પ્રવચનો કરતાં તો મને તારા મૌનમાંથી વધુ શીખવા મળ્યું છે.

પ્રભો ! એવું મને ઘણીવાર દિલ થઇ આવે છે કે હુંય તારા જેવો બનું. જીવનથી મુકત બની તારા જેવો જ આત્મસ્વરૂપ થાઉં. તારા જેવી કઠીન સાધના કરી તારી સાથેજ તારી હરોળમાં બેસું.

પણ...તારા જેવી મારામાં ત્યાગની ઉત્કટતા નથી. મારી પાસે તો માત્ર એક નાનું મકાન, થોડાં કપડાં, થોડાં ઘરેણાં, થોડાં શેર અને સર્ટીફિકેટો અને જુની એક સાયકલ ને એક રેડીયો છે. તારા જેવી સિદ્ધિ તો મારી છે પણ નહિ. છતાંય હું એ પણ ફગાવી શકતો નથી. પ્રભો ! તારા જેવી મારામાં હિંમત કયાં છે ? હું તો નિર્બળ, અશક્ત છું, દેવ મારા !

તારા જેવી અનાસક્તિ પણ મારામાં નથી. તું તો હતું તેનાથી પણ વૈરાગી હતો. તારું એ કશામાં મન નહતું. જ્યારે હું તો નથી એના માટે પણ હાય વરાળ કરું છું. "હ બળે છે, મારું શું બળે છે ?" એવું કહેવાની મારામાં હિંમત જ કયાં છે ? હું તો સંસારી જીવ છું.

આથી જ દેવ મારા ! જીવનભર મેં તારી પૂજા જ કરવાનું નક્કી કર્યું છે. અને ભવોભવ પણ તારી એ જ ભક્તિ કરવાનું મળે. તેથી જ તો હું મુક્તિ નથી માંગતો. મુક્તિ મળે અને તારી જો પૂજા ન મળે, તારા જો દર્શન ન થાય તો એવી મુક્તિને હું શું કરું ?

દેવ મારા ! મને તો તારી પેલી ભોળી સૂરત ને નિર્મળ મૂર્તિના દર્શનમાં જ આનંદ આવે છે.

◦ ◦ ◦

પ્રભો ! તું બળવાખોર તો ખરો જ. આખરે ક્ષાત્રેયનું લોહીને ? ગરમ થયા વગર રહે જ કેમ ?

પશુઓ અને માનવની હિંસા થતી જોઇ તેં જોરથી પડકાર કર્યો : "દેવોને લોહી માંસ નથી ખપતાં. એ મરેલાં હાડકાંના ભૂખ્યાં નથી. એ તો માંગે છે તમારી વૃત્તિઓનું બલિદાન. તમારી મલિન વાસનાઓનું એ મોત માંગે છે. દેવોના નામ પર થતી એ હિંસા પુણ્ય નથી. એ તો પાપ છે." અને પહેલી જ વાર તેં પ્રાણીઓનો જીવન જીવવાનો હક્ક જાહેર કર્યો. તે કીધું : "દરેક જીવને જીવવાનો અધિકાર છે."

ક્રાંતિની તારી આ પહેલી ચીનગારી હતી.

પછી તો એ ચીનગારી આગ બનીને પ્રજ્વળી ઊઠી.

તેં જાહેર કર્યું– ઇશ્વર જેવી કોઇ ચીજ નથી. ભગવાન હોય તો માનવી ખુદ ભગવાન બની શકે છે. કોઈ એકને ભગવાન બની જવાનો કે તે રીતે રહેવાનો ઇજારો નથી. સૌ મુક્ત બની શકે છે."

આવા તો તારા પ્રવચનોમાંથી અનેક દાખલા આપી શકાય તેમ છે.

આ કેટલી મક્કમતાથી તેં તારા સૂત્રોના ઉદ્‌ઘોષ કર્યાં હતાં ! આજપણ એના પડઘા સંભળાય છે.

પ્રભો ! આથી તને ક્રાંતિકારી કહું તો ક્ષમા કરજે… …

o • •

દેવ મારા ! મને ઘણીવાર વિચાર આવે છે, બુધ્ધિ દલીલોની ઝડીઓ વરસાવી દે છે. તેં રાજપાટ છોડયા, સુખ અને સાહ્યબીને સલામ ભરી દીધી, વનવગડામાં તું રખડયો, ભૂખ ને તરસ સહન કરી, અપમાન અને દુઃખોને પણ વધાવ્યાં ને તું અંતે **મહાવીર** બન્યો. એમાં તેં શું ધાડ મારી ?

કારણ એ બધું તો તને સહજ હતું. તું જનમથીજ વૈરાગી હતો. ઝળઝૂંથામાંથી જ તું ત્યાગનો પાઠ ભણીને આવ્યો હતો. જે તારા લોહીમાં પચી ગયું હતું એ તેં કર્યું એમાં તેં શું નવાઇ કરી ?

અને આથી જ તો મારું મસ્તક તારા કરતાં તારી યશોદા આગળ વહેલું નમી જાય છે.

કારણ એ તો રાજદરબારનું ફૂલ હતું. સૌન્દર્ય અને સુવાસ એજ એના સંસ્કાર હતાં. એ તો સંસારનાં સોનેરી સપનાં લઇ તારી પાસે આવી હતી. તું તો અવધુત રહ્યો. તને શી ખબર કે એક નવયૌવનાને એના પતિ માટે કેટકેટલા અરમાન હોય છે ? અરમાનોની એક નવિ દુનિયા લઈ તારી પાસે એ આવી હતી. તારી એ પત્ની બની હતી.

પણ એ અરમાનોને તેં ચેહ ચાંપી દીધી. તેં એને છોડવાનો નિર્ણય કર્યો અને છોડી પણ દીધી. દુનિયા તારા આ ત્યાગ માટે પ્રશસ્તિ કરે છે. પણ મને એવું મન નથી થતું.

તારા એ ત્યાગ કરતાં તો યશોદાનાં એ આત્મ વિલોપનને હું સર્વશ્રેષ્ઠ માનું છું.

કારણ તારા ત્યાગમાં મુક્તિની ખેવના હતી. યશોદા તને માયા લાગી હતી. અને એને છોડીને એના બદલામાં તેં મુક્તિ માગી હતી. તારો ત્યાગ એ સોદો હતો.

જ્યારે યશોદાનો ત્યાગ નિર્વ્યાજ હતો. એને તો તને છોડીને બધું ગુમાવવાનું જ હતું. સદાય માટે તારો વિરહ જીરવવાનો હતો. અને પોતાનો પ્રિયતમ સામેજ જીવે અને છતાંય એ " મારો વ્હાલો " છે એમ કહી એને પ્રેમ ન કરી શકાય, અરે આંખોથીય એની ખબર ન પુછી શકાય એના જેવી હૈયાની બીજી વેદના કેવી હશે ? છતાંય એ અંતઃસ્થન ગૂઢ વ્યથા પણ એણે વધાવી લીધી. અને હસતા મોંએ તને વિદાય આપી !......

દેવ મારા ! તારા ત્યાગ કરતાં તો મને યશોદાનું એ આત્મ સમર્પણ સર્વોત્તમ લાગે છે.

અને જ્યારે તારા ત્યાગ ને એના ત્યાગને તોલું છું ત્યારે ભક્તિથી મારું મસ્તક તો યશોદાના ચરણ કમળમાં જ ઝૂકી પડે છે.

સ્વ૦ શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ ઝવેરી



તેમનાં ધર્મપત્ની શ્રી. ચંપાબેન માણેકલાલ ઝવેરી



# સર્વોત્તમ કર્મયોગી
## ભ. મહાવીર

લે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી



આ વિશ્વમાં કર્મયોગીઓ બે પ્રકારના છે. ગૃહસ્થ અને ત્યાગીઓ. ગૃહસ્થ કર્મયોગીઓ કરતાં ત્યાગી કર્મયોગીઓ વિશ્વ જીવોનું વિશેષ પ્રમાણમાં કલ્યાણ કરવા શક્તિમાન થાય છે. સર્વજ્ઞ પરમાત્મા શ્રી મહાવીર પ્રભુએ અને શ્રી ગૌતમ બુધ્ધે ત્યાગ અવસ્થામાં સર્વોત્તમ કર્મયોગથી ભારત દેશને હિંસા યજ્ઞ વગેરે અનેક પાપોથી મુક્ત કર્યો તે ઇતિહાસથી સિદ્ધ થાય છે. શુષ્ક જ્ઞાની કરતાં કર્મયોગી મહાન છે. શુષ્ક જ્ઞાની બનતાં વિશેષ મહેનત પડતી નથી. પરંતુ કર્મયોગી બનતાં તો મન-વાણી-કાયાનો શ્રમ વેઠવો પડે છે.

સાધુઓને ત્યાગ અવસ્થામાં અનેક ઉપસર્ગો તથા બાવીશ પરિસહો વેઠવા પડે છે અને તેથી જ્ઞાનાવરણી આદિ કર્મોનો ક્ષય થતાં પરમાત્માપદની પ્રાપ્તિ થાય છે. મહા કર્મયોગી શ્રી તીર્થંકરો હોય છે. શ્રી તીર્થંકરોના કર્મયોગ સમાન કોઇનો કર્મયોગ હોતો નથી. મહા કર્મયોગી સર્વોત્તમ કર્મયોગી તીર્થંકરોને ચૌદ પૂર્વના સારભૂત નમસ્કાર મંત્રમાં-નમો અરિહંતાણં- એ પદથી સર્વ પદવીઓમાં પ્રથમ નંબરે મૂકી પ્રથમ નમસ્કાર કર્યો છે. કર્મયોગીઓ મહા ઉપકારી હોય છે. તેથી તેઓને પ્રથમ નમસ્કાર કરવામાં આવે છે. સિદ્ધ પરમાત્માઓને કેવળ જ્ઞાન અને કેવળ દર્શન હોય છે પરંતુ સિદ્ધ અવસ્થામાં કર્મયોગ નથી તેથી તેઓને પ્રથમ નમસ્કાર કરવામાં આવ્યો નથી. અષ્ટકર્મ રહિત રજોગુણ, તમોગુણ અને સત્વગુણ રહિત સિદ્ધ પરમાત્માઓ કરતાં પ્રથમ અરિહંતોને નમસ્કાર કર્યો છે તેથી જૈનાગમોના આધારે કર્મયોગીઓને અર્થાત્ પ્રવૃત્તિધર્મ યોગીઓને કેટલું મહત્વ આપવામાં આવ્યું છે તેનો સહેજે ખ્યાલ આવી શકે તેમ છે. કર્મયોગની મહત્તા તો જૈનોના નમસ્કાર મંત્રમાં જે વર્ણવી છે તેવી અન્યત્ર અવલોકાતી નથી. લોકમાન્ય તિલક કહે છે કે પ્રવૃત્તિ ધર્મને ભાગવત ધર્મના વિશેષ વર્ણવ્યો છે પરંતુ તેઓ આ બાજુ લક્ષ આપશે તો જણાશે કે સન્યાસ માર્ગના પ્રવર્તક ધર્મવીરી-ધર્મસ્થાપક શ્રી મહાવીર સ્વામી જેવા ધર્મ પ્રવૃત્તિ કરનારા કોઇ અન્ય જણાશે નહિ. શ્રી મહાવીર પ્રભુએ શરીર છોડતાં પૂર્વે સોળ પ્રહર સુધી આર્ય મનુષ્યોને એકસરખો ઉપદેશ આપ્યો હતો. ગામોગામ, નગરેનગર અને દેશોદેશ ફરીને જીવન્મુક્ત કેવલ જ્ઞાની છતાં ઉપદેશ આપ્યો હતો. હવે કહો સંન્યાસ માર્ગ યાને ત્યાગ માર્ગીઓમાં શ્રેષ્ઠ એવા મહાવીર પ્રભુને સર્વોત્તમ કર્મયોગી માનતાં કોણ વાંધો લઇ શકે તેમ છે? વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીએ ઉપકાર માટે રાત્રીમાં સિધ્ધપુરથી વિહાર કરી અને ભરુચ પધાર્યા હતા. જ્યારે જેમ ધર્મના સ્થાપક તીર્થંકરો આ પ્રમાણે ધર્મ પ્રવૃત્તિ કરે છે તો ત્યાગ અવસ્થામાં અધિકાર પ્રમાણે કર્મયોગી બનીને આચાર્યો, ઉપાધ્યાયો, પ્રવર્તકો, સાધુઓ અને સાધ્વીઓ ઉપકારાર્થે ધર્મ પ્રવૃત્તિનો દેશ, સમાજ, રાજ્ય વગેરેના કલ્યાણમાં ભાગ આપે એમાં શું આશ્ચર્ય ?

ત્યાગ અવસ્થામાં ત્યાગીના અધિકાર પ્રમાણે કર્મયોગી બનીને કર્તવ્યો કરવાનાં છે. પરંતુ કર્તવ્ય કર્મથી મુક્ત થવાનું નથી. એમ ઉપદેશ દેનાર સર્વજ્ઞ મહાવીર પ્રભુના આગમો કરતાં સંન્યાસીને સર્વ કર્મ ત્યાગી કહેનારા ભગવદ્ ગીતાનું મહત્વ કોઇ રીતે ચઢી શકે તેમ નથી.

શ્રી મહાવીર પ્રભુએ ગૃહસ્થોના અધિકાર પ્રમાણે કર્તવ્ય કર્મો કરવાનો ઉપદેશ આપી વ્રતોમાં કર્મયોગને સમાવી દીધેલ છે. હજારો આચાર્યોએ અનેક વિષયોના હજારો ગ્રંથો લખીને તથા અનેક જાતના ઉપદેશ આપીને તથા મનુષ્યો પર પરોપકાર કરીને કર્મયોગીપણાની પોતાનામાં સિધ્ધિ કરી બતાવી છે તેથી એમ સિધ્ધ થાય છે કે જે ત્યાગીઓ થાય છે તે ઉચ્ચ કર્મયોગીઓ બનવાને માટે થાય છે.

આથી જૈનધર્મી ત્યાગીઓ બનવું એટલે કર્મયોગથી-ક્રિયાયોગથી ભ્રષ્ટ થવું એવો કોઇએ મનમાં વિચાર લાવવો નહિ. લોકમાન્ય શ્રી તિલકના લખવા પ્રમાણે વેદાન્તી સંન્યાસીઓ કર્મમાર્ગથી ભ્રષ્ટ થાય છે ખરા પણ જૈન સાધુઓ તો પરોપકારી ગ્રંથો લખનારા, વ્રતો પાળનારા, આગમોનો અભ્યાસ કરનારા અને ઉપદેશકો હોય છે તેથી તેઓને કર્મભ્રષ્ટતાનો આક્ષેપ લાગુ પડતો નથી. અનાદિ કાળથી જૈન સાધુઓ, આચાર્યો અને તીર્થંકરો સત્ય કર્મયોગીઓ છે એમ તેઓની ધર્મ પ્રવૃત્તિથી અને આગમોથી સિધ્ધ થાય છે. જૈનાગમોમાં કર્મયોગની મહત્તા સંબંધી વિશેષ વર્ણન કરવામાં આવ્યું છે.

જૈનોમાં કર્મયોગીઓ પાંચસો વરસમાં ન્યૂન પ્રમાણમાં પ્રગટ્યા તથા તેઓથી ચારે વર્ણના જૈનો સંરક્ષી શકાયા નહિ તેથી જૈનોની સંખ્યા ઘટીને હાલ ત્રણ લાખ તેત્રીસ હજાર પર આવેલી છે. (આ આંકડો તેમને પ્રસ્તાવના લખી તે સમયનો છે. તંત્રીઓ) જૈન શાસ્ત્રોમાં કર્મયોગને શુક્લ પાક્ષિક ગણ્યા છે. મોક્ષનો અધિકારી શુક્લ પાક્ષિક મનુષ્ય ઠરે છે અને જેઓ કર્મયોગી અર્થાત ક્રિયાવાદી નથી તે અક્રિયાવાદીને કૃષ્ણપાક્ષિક અર્થાત મોક્ષમાર્ગનો આરાધક બન્યો નથી એમ કહેવામાં આવ્યું છે. એ ઉપરથી સિધ્ધ થાય છે કે ધર્મ પ્રવૃત્તિ લક્ષણ ધર્મ-પ્રવૃત્તિનો ફેલાવો કરવાનું વર્ણન જેટલું જૈન શાસ્ત્રોમાંથી મળી આવે છે તેટલું અન્ય શાસ્ત્રોમાંથી મળી આવતું નથી.

ધ્યાન અને સમાધિ પણ કેવળ જ્ઞાન પ્રાપ્ત કરવાની એક જાતની ઉત્તમ આત્મપ્રવૃત્તિ છે. શોધખોળ કરનારા સાયન્સ પ્રોફેસરો સ્વવિષયમાં મનની એકાગ્રતા કરીને અક્રિય જેવા બની જાય છે અને શોધખોળ માટે મથે છે. મનની એકાગ્રતા વિના નવીન શોધો થઇ શકે નહિ. પ્રોફેસર એડીસને એક વખતે એક સરખા અડતાલીશ કલાક પર્યંત મનની એકાગ્રતા કરીને ફોનોગ્રાફ વગેરેની શોધ કરી. એ ઉપરથી સિદ્ધ થાય છે કે આપણા મુનિઓ, ત્યાગીઓ, જ્ઞાન, ધ્યાન સમાધિ કરે છે તે નિત્ય સુખની કેવળ જ્ઞાન આદિ ગુણોની પ્રાપ્તિ માટે કરે છે. તે પણ જ્ઞાન આદિ ગુણો પ્રાપ્ત કરીને સ્વ પરને અનંત સુખ આપવા પ્રવૃત્તિ કરે છે માટે તે પણ સર્વોત્તમ કર્મયોગ સૂક્ષ્મ પ્રવૃત્તિ છે એમ વાંચકોએ અવબોધવું..

( " કર્મયોગ "ની પ્રસ્તાવનામાંથી. ઉધૃત )

---


**રૂા. ૧૦-૦૦ વાર્ષિક લવાજમ ભરી આજેજ ગ્રાહક તરીકે આપનું નામ નોંધાવશો.** પોસ્ટ ખર્ચ જુદું.

**ઘર, લાયબ્રેરી, ભેટ, લહાણીને યોગ્ય સાહિત્ય**

**ચાર**

**વર્ષમાં પુસ્તકોની ચતુર્મુખી ગંગા વહેવડાવનાર સસ્તી ને સંસ્કારી ગ્રંથમાલા**

**શ્રી જીવન-મણિ**

**સદ્વાચનમાળા ટ્રસ્ટ**

ન સાવ શુષ્ક સાહિત્ય

ન સાવ અપરસ સાહિત્ય

સર્વરસભર્યું—નીતિબોધભર્યું

**ઘર, લાયબ્રેરી, ઇનામ, ભેટને યોગ્ય રૂપકડું સાહિત્ય**

-: લખો :-

**શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ**

હઠીભાઇની વાડી સામે, દિલ્હી દરવાજા : **અમદાવાદ.**

# મહાવીર-અહિંસક યુગનો અરુણ

લે. જૈની

હિંસાનો પ્રચંડ ઝંઝો ત્યારે લપકારા કરી રહી હતી. જીવનની કોઈ સલામતી નહતી. પ્રાણ લેવો એ રમત હતી. અને પશુઓના પ્રાણ લેવા એ તો ધર્મ હતો. મૂંગા જીવો, બેજબાન પ્રાણીઓ તરસતી આંખે જોઈ રહેતા અને એમનો જીવ લેવાઈ જતો. આ ત્યારે મુક્તિનો માર્ગ મનાતો હતો.

ત્યારે ધર્મ મુઠ્ઠીભર માનવીઓના હાથમાં જમા થયો હતો. એમના બોલે મુક્તિ મળતી હતી. એમના રોષે નરકના દ્વાર જોવા પડતા હતાં. એ બ્રાહ્મણો કહે એ જ ધર્મ હતો.

અને તેઓએ સ્ત્રી માટે મુક્તિના બારણાં બંધ કરી દીધાં હતાં. સ્ત્રી એટલે નરકની ખાણ. એનું કોઈ અલગ વ્યક્તિત્વ નહિ. એ શાસ્ત્ર ભણી શકે નહિ. તેમને મોક્ષ મળે જ નહિ અને તેઓએ સ્ત્રીને ધર્મમાંથી બાદ કરી.

આટલું બસ ન બન્યું. એક શૂદ્રોની જમાત તેમણે અલગ કાઢી. એમને ધર્મનો કોઈ હક્ક નહિ. દેવને એ પૂજી શકે નહિ. એ સંતો-મહંતો-સજ્જનોને અડકવાનો એમને અધિકાર નહિ. એમનો જન્મ તેમની સેવા માટે જ. એ બીજું કંઈજ કરી શકે નહિ. એમને અભણ રહેવાનું, અસંસ્કારી રહેવાનું, અપશુકનિયાળ બનવાનું, ઉજળિયાત કોમનું મેલું ઉપાડવાનું અને તેમની ગાળો ખાવાની– બસ આજ એમનું કાર્ય.

પોતાની પોલ બહાર ન પડી જાય એથી તેમણે શાસ્ત્રો પ્રજાની બીજી ભાષામાં લખ્યાં. એ ભાષા ભલે લોકો ન સમજે પણ ધર્મની ભાષા તો એવી જ અગૂઢ હોવી જોઈએ. અને તો જ મુક્તિ મળે. અને એવી અગૂઢ ને અગમ ભાષામાં તેમણે ફતવાઓ બહાર પાડ્યા. એનું પાલન કરે તે ધર્મ; તે ધર્મી, બીજો અધર્મ અને અધર્મી.

અને એ ધર્મના સેવકો કહેવડાવવા લાગ્યા. ધર્મના ઉધ્ધારક બન્યા રક્ષક બન્યા. અને તેમના આ રક્ષણ ને ઉધ્ધાર બદલ તેમને પોષવાના, તેઓ માગે તેવા મોજ ને શોખ, વિલાસ ને રંગરાગ આપવાના. તે ગમે તેવું જીવન જીવી શકે, બીજાથી એવું ન જીવાય. એવું જીવે તે પાપી. નરકનો અધિકારી બને. ધર્મમાં આમ તેમણે સત્તા સ્થાપી. પોતાનું એક સિંહાસન બનાવ્યું અને ધર્મનાં સૂત્રો પોતાનાં હાથમાં રાખ્યાં.

ધર્મ ત્યારે ચૂંથાતો હતો. સત્યના ચીર ખેંચાતાં હતાં. અહિંસાનું છડેચોક લીલામ થતું હતું. બ્રહ્મચર્યની કોઈ ગણના નહતી. પરિગ્રહની મશ્કરી થતી હતી. માનવ માનવમાં ભેદ હતો. ધર્મ લૂંટાતો હતો.

જેને જેમ ફાવે તેમ સિધ્ધાંતો રજુ કરતા હતા. આજે આ રજુ કરે. આજે આને સત્ય કહે. આને ધર્મ કહે. કાલે બીજુંજ રજુ કરે. બીજાનેજ સત્ય કહે. બીજાને જ ધર્મ મનાવ્યા કરે. ત્યારે સિધ્ધાંતોની કોઈ સ્થિરતા ન હતી.

મહાવીરનો જન્મ થયો ત્યારે આ જમાનો હતો. આજે એ સમયનો ખ્યાલ આપવો મુશ્કેલ છે. પણ

એ કાળને ઓળખ્યા વગર એ યુગને જાણ્યા વગર મહાવીરનું વ્યક્તિત્વ, એમનું જીવનકાર્ય કેટલું ઉદાત્ત ને ભવ્ય હતું તે ન જ સમજાય. અને ભૂતકાલિન વિભૂતિઓને માપવા માટે આજનું માપ કદી કામમાં ન આવે. એમ માપતાં તો પાંચસો વરસ પછીનો ઇતિહાસકાર આજની વિદ્યમાન વિભૂતિઓને ત્યારે વામણી જ ગણશે. કારણ યુગ રોજ બદલાય છે. આજે ભગીરથ કામ મણાય તે કાલે એકદમ સરળ બની રહે છે.

મહાવીરના સાંસારિક જીવન વિષે જો કે બહુ ઓછું જાણવા મળે છે છતાંય ઉપલબ્ધ માહિતીઓથી એટલું અનુમાન તો જરૂર થઇ શકે છે: એને એનું જીવન ટૂંકું લાગે છે. રાજકુમાર હોવા છતાં રાજ્યના વૈભવ એને ભાવતા નથી. એનું હૈયું ઊંડી વેદના અનુભવે છે. એનું અંતર ઊંડે ઊંડે કોરાય છે એના હૈયાનો હર ધબકાર એને કહે છે: "બીજા દુઃખથી સબડતા હોય ત્યારે મને આમ સુખમાં રહેવાનો અધિકાર નથી." રોજ રોજનું આ સંવેદન એને ક્યારેક રડાવે છે. એની આંખો કરૂણાથી છલકાઇ જાય છે. અને પળેપળનું આ મનોમંથન એક દિવસ એને નિર્ણય કરાવીને બેસે છે.

એ નિર્ણય કરે છે; આ રાજપાટ ન જોઇએ. આ ભોગ વિલાસ ન જોઇએ. આ મમતા ને માલિકી ન જોઇએ.

પોતાને આ સત્ય લાધી ગયું છે. અને તે પ્રમાણે તે જીવવા માંગે છે. પણ બેફિકર થઇ એ ભાગી જતો નથી. નિષ્ઠુર બનીને એ કોઇને અવગણીને ચાલ્યો નથી જતો. બે વરસ એ વધુ થંભી જાય છે.

અને પોતાનું સત્ય સૌને સમજાવીને એ ચાલી નીકળે છે. કોઇનો એ સાથ નથી કરતો. કોઇનો એ સંગાથ નથી કરતો. એકલો ને અટૂલો એ ચાલી નીકળે છે.

જગતને એને મુક્તિના માર્ગે વાળવું છે. અજ્ઞાનના ઘોર અંધકારમાંથી જ્ઞાનના તેજે લઇ જવું છે. હિંસાના દારૂણ દુઃખથી ચીસો પાડતી દુનિયાને એને અહિંસાને માર્ગે શાંતિ આપવી છે.

અને તે માટે એ નીકળી પડે છે.

જંગલોમાં ફરે છે. યક્ષ મંદિરોમાં ઉતરે છે. કોઇના પ્રત્યે એને પ્રેમ નથી. કોઇના તરફ એને રોષ નથી. કોઇના બારણે જઇ એ ઊભો રહે છે. એ કંઇ આપે છે તો પીએ છે. કોઇ દે છે તો ખાય છે.

અને દુનિયાના દુઃખનું ચિંતન કરતો એ વરસો સુધી વિચરે છે. જગતના શોક સંતાપનાં નિવારણનું મનન કરતો એ દિવસો સુધી અખંડ જાગે છે.

અખંડ સાધનામાં દસકો ચાલ્યો જાય છે પણ એને એનું સત્ય સમજાવવાનું મન નથી થતું. એને લાગે છે; કંઇક ખૂટે છે. સાધના હજી અધૂરી છે. તપશ્ચર્યા હજી પૂરી નથી થઇ અને અલખની ધૂનમાં એ ભમે જ જાય છે.

અને બાર બાર વરસના અખંડ ઉજાગરા પછી એ મૌન તોડે છે. એને લાગે છે હવે યોગ્યતા આવી ગઇ છે. જે જ્ઞાન માટે એ સાધના કરી રહ્યો હતો એ કેવળ જ્ઞાન હવે તેને થઇ ગયું છે.

અને એ મૂકસેવક કો' ઝાડ નીચે બેસીને એના સત્યનો ઉપદેશ કરે છે.

એ સમજી લે છે. જગત એની ભાષામાં સમજે છે. માતાનું ધાવણ ધાવતાં જે બોલી બાળક બોલે છે તેમાં જ એને બધું સમજાય છે. અને લોકભાષામાં જ એ એના પ્રવચનો કરે છે. દેશના આપે છે.

જગતના દુઃખ દર્દ દૂર કરવાં હશે તો એ રાજગાદી પરથી નહિ થાય. રાજમહેલમાં રહીને પણ નહીં થાય. રાજકુમાર બનીને પણ એ નહિ બનાં શકે.

અને એણે રાજ છોડયું. રાજમહેલ છોડયો.

યુવરાજપદનો ત્યાગ કર્યો, અને લોકોમાં આવીને એ વસ્યો.

સેવા-ઉદ્ધાર-સુધારો એ બધું લોકોની સાથે રહીને થઈ શકે. અને લોકસેવક બની એણે ક્રાંતિનું બી વાવ્યું !...

આજના સત્ય અહિંસક યુગનો એ પહેલો **ક્રાંતિકારી** !!! જગતના ઇતિહાસે નોંધવા જેવો એ **પ્રથમ મૂકસેવક** !!!

એને સત્ય સમજાતું હતું, પણ એને લોકોમાં વહેંચવા માટે એ પોતાને અપૂર્ણ માનતો હતો. અને વરસો સુધી એણે અભંગ જાગરણ કર્યું. રાત ને દિવસ એણે દુનિયાની મુક્તિની ચિંતા કરી. એના માટે કઠોર તપ કર્યું. આમ એણે વરસો સુધી ક્રાંતિની સાધના કરી.

અને......

હિંસા એ ધર્મ નથી. કોઇનોય જાન લેવો એ મુક્તિનો માર્ગ નથી.

અસત્યથી આત્માનું દર્શન થતું નથી.

ચોરીથી વિકાસ સધાતો નથી.

રંગ ને રાગ, મોજ ને વિલાસ એ જીવનનો કોઇ રાહ નથી.

પરિગ્રહ એ મુક્તિનું બંધન છે.

સત્ય, અહિંસા, અચૌર્ય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહના પંચશીલને એણે વહેતો કર્યો. આ સૂત્રોથી એણે ક્રાંતિની ઘોષણા કરી.

લોકોની જ ભાષામાં લોકોને દેશના આપવાનું શરૂ કરી ક્રાંતિની એણે કૂચ શરૂ કરી.

મેતારજ અને ઋષિકેશ જેવા શૂદ્ર જાતિના માનવોને દીક્ષા આપી વર્ણભેદનો એણે મૃત્યુઘંટ વગાડયો.

મરેલા જીવનને, નિષ્પ્રાણ બનેલી જનતાને જીવાડવા માટે પોતે એકલો બસ નથી એમ સમજી એણે પોતાના જેવી લોકસેવકોની એક ફોજ ઊભી કરી. સંઘનું નિર્માણ કર્યું. આમ કરી એણે મુક્તિ આંદોલનની એક સંગીન ઇંટ ચણી !...

એણે એની અર્થદૃષ્ટિથી જોઈ લીધું : જમાનો ઝડપથી બદલાય છે. ક્રાંતિની કૂચમાં નાનો ને મોટો માનવી પણ મહામૂલો છે. તો પછી સ્ત્રીને તો બકાત રખાય જ કેમ ?

અને ચંદનબાળાને એણે દીક્ષા આપી.

સ્ત્રી સ્વાતંત્ર્યનો એ પ્રથમ સુધારક !

નારીને સંસારના બંધનોમાંથી આઝાદ કરી મુક્તિના બારણાં તેના માટે ખુલ્લાં મૂકી દીધાં. એના માટે એણે હકક સ્થાપિત કર્યો. અને દરેક સ્ત્રી સતિ છે. સધવા કે વિધવા, ત્યકતા કે ભોકતા બધીજ નારીને ચારિત્ર્ય અંગીકાર કરી મુક્તિ મેળવવાનો અધિકાર છે. અને કંઇક નારીઓને એણે મુક્તિને પંથે વળાવી દીધી !...

અને મહાન પુરુષો કદી પોતાને મહાન માનતા નથી. પોતે ભગવાન છે, અવતાર છે એવું તેમને સમજાતું જ નથી અને તેથી જ તેણે કહી દીધું : "ઇન્દ્ર ! માનવીનું મોત ઘડી ન થંભી શકે. એને જનમ્યા પછી મરવું જ પડે. મારું મોત હું કદીય સહેજે પણ થંભાવી ન જ શકું."

અને એણે જીવતાં તો શીખવ્યું. મરતાં પણ એ શીખવી ગયો.

જીવનનો એ સાચો કલાકાર !

મૃત્યુનો એ મહાન કલાધર ! !

મહાવીર એટલે અહિંસાનો કુકુટનાદ !

વર્ણભેદનો મૃત્યુઘંટ વગાડનારો પહેલો ઉદ્દામ ક્રાંતિવાદી !

સ્ત્રી સ્વાતંત્ર્યનો પ્રથમ જયઘોષક !

( અનુસંધાન પાન ૧૪ ઉપર )



# પરિનિર્વાણ

**પા**વાપુરીના પવિત્ર ડુંગરા આજ ડોલી ઊઠ્યા હતા. પ્રત્યેક ઘરને ઊંબરે ઊંબરે શોકની છાયા પથરાઈ ગઈ હતી. આકાશનું નિર્મળ હૈયું પણ તારકવૃંદથી વીંધાઈ ગયું હતું; ને તળાવના જળમાં કમળ લેશ પણ ડોલતાં નહોતાં.

જ્ઞાનીઓ કહેતા : ' આનંદો ! પ્રભુ આજે મુક્તિને વરશે ! '

પણ પ્રજાજનો નિશ્વાસ નાખતા હતા : 'હાય રે, પ્રભુની આ અલૌકિક દેહછબી હવે ફરી ક્યાં ને ક્યારે નીરખવા મળશે ? જુગ જુગ પછી સાંપડેલી આ અમૃતવાણી ફરીથી કંઈ સાંભળવા મળવાની હતી ? જ્ઞાનીઓના વચનથી શોક અને આનંદને સમાન લેખવાની મહેનત કરીએ છીએ, પણ આનંદને સ્થળે શોક આવીને પહેલાં બેઠો છે, કેમે કર્યો હઠાવ્યો હઠતો નથી ! '

દેવો ને ઋષિઓ તો મીઠા શંખ બજાવી રહ્યા છે, મૃત્યુની પણ જાણે મહેફિલ જામી છે ! આજ ભગવાનની જીવનજ્યોત, એક મહાન જ્યોતિમાં મળી જવાની. મુક્તિ આડે રહેલું એક માત્ર દેહબંધન, તે આજે છૂટી જશે. અને આપણો વહાલો વીર મુક્તિને જઈ વરશે ! ઋષિપત્નીઓ તો મંગળગીત લલકારી બેઠાં : 'મુક્તિ સે જાઈ મિલ્યો રે મોહન મેરો, મુક્તિસે જાઈ મિલ્યો. '

દિવસોથી સાનિધ્યમાં ને સેવામાં રહેતો રાજરાજેંદ્ર ઇંદ્ર પણ છેક છેલ્લી ઘડીએ હિંમત હારી બેઠો. સાજ તો બધા સજાવ્યા, મૃત્યુમહોત્સવની અદ્વીય રચના કરી; પણ છેલ્લી પળે પ્રભુના અભાવની કલ્પના એને પણ પાંગળો કરી બેઠી. અરે ! રાજપાટ જેના સેવા-સંપર્ક વિના બોજારૂપ લાગતાં, એ મંગલમૂર્તિ આમ ચાલી જશે, તો કોના આધારે, કોના

---

( પાન ૧૩ નું અધુરું )

જીવનની ભૌતિક ને આધ્યાત્મિકની ઝીણામાં ઝીણી વિગતને ધ્યાનમાં લઈ સંઘની સ્થાપના કરનારો આ યુગનો પહેલો રચનાત્મક કાર્યકર !

પોતાના સંદેશને ઘેર ઘેર ગૂંજતો કરનાર પહેલો પદયાત્રી ! પ્રથમ મૂક સેવક !

અને પોતાના સિદ્ધાંતો તેમજ આદર્શોને પોતાના જીવનમાં રગેરગમાં ઉતારનાર મહાન, કર્મઠ કર્મયોગી !...

એનું જીવન એટલે ક્ષણેક્ષણની પ્રગતિ ! એના જીવનની હરેકોઈ બાજુ તપાસો તેમાંથી આતમની સૌરભ ઊઠશે, મુક્તિનું માંગલ્ય તેમાંથી વહેશે.

મુક્તિ આંદોલનના આદ્ય પ્રણેતા અને અહિંસક યુગના મહાન એવા એ શ્રમણ ભગવાન મહાવીર સ્વામિને શત કોટી કોટી પ્રણામ... ...

ઉત્સાહવચને આ રાજધુરા ખેંચશે ? આધિભૌતિક ઉપાધિઓના સૂકા રણમાં આત્માની સ્નેહબંસી વિના શી જિવાશે ?

એકત્ર થયેલાં અનેક નરનારીઓની વતી ઇન્દ્રરાજે પ્રભુને પ્રશ્ન કર્યો :

' ભગવન, આપનાં ગર્ભ, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન હસ્તોત્તરા નક્ષત્રમાં હતાં ને ?'

ભગવાને જવાબમાં કેવળ હકારદર્શક માથું હલાવ્યું.

' એ નક્ષત્રમાં ભસ્મ ગ્રહ સંક્રાંત થાય છે. અનિષ્ટ ભાવિની એ આગાહી કહેવાય ને !'

ભગવાને પૂર્વવત્ હકાર ભણ્યો.

' તો સમર્થ છો, સર્વજ્ઞ છો, સર્વ શક્તિમાન છો. નિર્વાણ પળને થોડી લંબાવી ન શકાય ? ' ઇન્દ્રના મનમાં ઊંડે ઊંડે ઇચ્છા હતી કે એક વાર નિર્વાણકાળને આગળ ધકેલવામાં આવે તો પછી વળી જોઈ લેવાશે, અણીનો ચૂક્યો સો વર્ષ વધારે જીવશે.

' ઇન્દ્રરાજ, મોહ વિવેકને મારે છે, માટે એને અંધ કહ્યો છે. મારા નશ્વર દેહ પ્રત્યેનો તમારો પૌદ્ગલિક મોહ આજે તમને આ બોલાવી રહ્યો છે. નિકટ રહ્યા છો, જ્ઞાની થયા છો, છતાં ભાખેલું ભૂલી ગયા કે આયુષ્યની એક ક્ષણ પણ સુર, અસુર કે માનવ–કોઈ વધારી શકતું નથી. નાટક તો નિશ્ચિત બાંધેલી સમય મર્યાદામાં ભજવાય ને પૂરું થાય એમાંજ શોભા ! અન્તહીન નાટક રુચે ખરું ? તમે તો સંસાર જીતી લેનાર યોદ્ધા છો, છતાં મોહ પાસે હજી વારંવાર પીછેહઠ કરો છો. દુર્જેય મોહને જીતવો મુશ્કેલ છે. એ મોહ પાસે તમારી વિવેકશક્તિ નષ્ટ થઇ ગઇ ! શું તમેજ નહોતા કહેતા કે હિમભરી હેમન્ત ઋતુમાં ઊનનાં વસ્રો ભલે ઉપયોગી હોય, સુખકર હોય, પણ વસંત આવે–ગ્રીષ્મ પ્રગટે એટલે એનો કંઇ જરૂર ખરી ? એ તો ફેંકવા યોગ્ય જ ! રંકના હાથમાં પાત્ર ત્યાં સુધી શોભે જ્યાં સુધી એને ઘેરઘેરથી ભિક્ષાની જરૂર છે. રંક મટીને એ રાજા થાય, પછી પણ એ પાત્ર લઈને ફરે તો ? દેહનું કામ–જન્મનું કારણ ને મૃત્યુની ગરજ સરી ગઈ, હવે આયુષ્યનો એક ક્ષણ અને એ ક્ષણનો એક કણ પણ બોજારૂપ છે ઇન્દ્રરાજ ! જુઓ, પણે વસંત–કદી ન કરમાતી અમર વસંત ખીલી રહી છે. સત્, ચિત્ ને આનંદની કદી ન આથમતી ઉષા ઊગી રહી છે ! સ્વાગત માટે સજ્જ હો !'

ઇંદ્રરાજ શરમાઈ ગયા, પગમાં પડયા.

આખા સમુદાયમાં આસાયેશની લાગણી પ્રસરી હતી. પણ ભગવાન તો અન્તિમ ક્રિયામાં મગ્ન હતા. પર્યંકાસને બિરાજ્યા હતા. બાદર મનોયોગ ને વચનયોગ રૂંધીને કાયયોગમાં સ્થિત થયા હતા. થોડી વારમાં બાદર કાયયોગમાંથી સૂક્ષ્મ કાયયોગમાં પ્રવેશ કર્યો.

વાણી તથા મનના કાયયોગને રૂંધ્યા.

આયુષ્યની શીશીમાંથી છેલ્લા કણ ઝરતા હતા, ને એ પણ હવે પૂર્ણ થવાની તૈયારીમાં હતા. દુવિધામાં પડેલો જનસમૂહ એમની સહસ્ર સૂર્યની કળાથી તપતી મુખમુદ્રા સામે નીરખી રહ્યો હતો. સહુના શ્વાસ ઊંચા હતા, સહુના મોં પર ઓશિયાળાપણું હતું.

પ્રભુએ છેલ્લો સૂક્ષ્મ કાયયોગ પણ રૂંધ્યો. સર્વ ક્રિયાઓનો ઉચ્છેદ કર્યો, ને

આંખોને આંજી દેનારું તેજવર્તુલ પ્રગટ થયું. તારાગણોથી વિભૂષિત અમાવાસ્યાની રાત્રિ એકાએક અલૌકિક પ્રકાશથી ઝળહળી ઊઠી. ચારે તરફથી જય જયનાદ સંભળાયા.

'પ્રભુ નિર્વાણ પામ્યા !'

હવામાં શંખ ફૂંકાયા, વનમાં દુંદુભિ વાગ્યાં.

સંસારને ઝગઝગાવી રહેલો મહાદીપક અંતરચક્ષુઓને ઉજ્જવળ કરી ચર્મચક્ષુઓની સામેથી બુઝાઇ ગયો. મેઘની દારુણ પળો પર ઇંદ્રરાજ વિજય મેળવી હવે સ્વસ્થ થતા હતા ને કહેતા હતા :

'દીપક પેટાવો ! દીપાવલિ રચો ! પ્રભુ નિર્વાણ પામ્યા !'

**બીજા** દિવસનું પ્રભાત હજી ખીલ્યું નહોતું, ત્યાં સમાચાર આવ્યા કે ગુરુ ગૌતમને પ્રભુના નિર્વાણની જાણ થઇ ગઈ છે. એમનું રુદન વજ્ર-હૈયાંને પણ ભેદે તેવું છે. એમના રુદનના શોકભારથી પૃથ્વી પણ ભીંસાઇ ગઇ છે, ને લતાઓ પરથી ફૂલ કરમાઇને પૃથ્વી પર ઝરી રહ્યાં છે, ને કમળવેલ મુરઝાઈ રહી છે. આખું વાતાવરણ શોકાકુલ છે. એ મહાજ્ઞાની બાળકની જેમ વ્યાકુળ બની ગયા છે, યુવાન વિધવાની જેમ કલ્પાંત કરી રહ્યા છે, પોતાનો સાત ખોટનો દીકરો ફાટી પડે ને વૃદ્ધ બાપ જેવો વિલાપ કરે એવો વિલાપ કરી રહ્યા છે ! અમારાથી એ જોઈ ન શકાયું, એટલે અમે ત્યાંથી ચાલ્યા આવ્યા.

ગુરુ ગૌતમ આકાશ સામે ગર્જના કરી પડઘા પાડે છે : 'પ્રભુ ! એવાં તે ક્યાં મારાં મહાપાપ હતાં કે જીવનભર સાથે રાખીને અંતકાળે અળગો કર્યો ? શું તમારાં વચન મિથ્યા હતાં ? અરે મિથ્યા કેમ કરીને માની શકું ? પછી આમ કેમ ?' આ તો જ્ઞાનીનું રુદન !

અરે, આવા કરુણ સ્વરભાર તો સંસારમાં કોઇના જોયા નથી. માનવીનાં ધબકતાં હૈયાં થંભી જાય એવા એ શોકસ્વર !

સંસારનો કોઈ બાપ, કોઈ મા, કોઇ પતિવ્રતા, કોઈ પુત્ર, કોઇ બહેન આવું કદી રડી નહિ હોય ! યોગીનાં આવાં અમુલખ આંસુ સંસારે જન્મ ધારી કદી જોયાં નહિ હોય !

આખી મેદની નવી વેદના અનુભવી રહી. ઇંદ્રરાજ વિચારી રહ્યા કે અજ્ઞાનીને સમજાવવો સહેલ છે, પણ આ જ્ઞાનીનો શોકભાર કેમ હળવો કરી શકાય ? સમજુને શી રીતે સમજાવાશે ? મત્સ્યને તરવાનું કેમ શિખવાશે ? સહુ અજબ મૂંઝવણ અનુભવી રહ્યાં.

પગલે પગલે, પળે પળે ગુરુ ગૌતમ સમીપ આવી રહ્યા હતા. પાવાપુરીના સુંદર પાર્વતીય પ્રદેશ પર ગોપજનોની બંસી બજી ઊઠી કે એ મહાગુરુ ધીર, સ્વસ્થ પગલે આવતા દેખાયા.

પણ આ શું ? આશાતીત દશ્ય ! વિલાપને બદલે, રુદનને બદલે, હાયકારને બદલે, મહાગુરુના મુખ પર અપૂર્વ શાન્તિ ને અલૌકિક તેજ રમતાં હતાં. તેમનાં નેત્રોમાં પ્રાપ્તસિદ્ધિનો નવીન આનંદ ભર્યો હતો !

અરે, મહાગુરુ તો હસે છે ! શું મહાદુઃખમાંથી પ્રગટ થતું ગાંડપણ તો એમને લાધ્યું નથી ને ! આખી મેદની ઉત્સુકતામાં સમીપ આવી.

'પ્રભુ ગયા !' ઇંદ્રરાજે બોલવાની હિંમત કરી.

'હા, એ ગયા ને આપણે તરી ગયા. ઇંદ્રરાજ, હાડચામની મોહમાયાની દીવાલો ભેદાઈ ગઈ. જે જીવનથી ન પ્રાપ્ત થયું તે મૃત્યુથી પ્રાપ્ત થયું. મહાપ્રભુના નિર્વાણે મારા નિર્વાણના પંથને નિશ્ચિત કર્યો. મારી સિદ્ધિનાં દ્વાર ખૂલી ગયાં.

'શું આપને મહાજ્ઞાન–કેવળજ્ઞાન ઊપજ્યું ?'

'હા.'

'કેમ કરીને ?'

'ઇંદ્રરાજ, સાંભળવું હોય તો સાંભળી લો ! ભગવાનનો હું એકાંતરાગી ભક્ત હતો અને એ એકાંતરાગ મારી પ્રગતિને હાનિકારક નીવડ્યો હતો. આત્મિક પૂજાને બદલે મેં વ્યક્તિપૂજા આદરી હતી. ગુણને બદલે એમના દેહનો હું પૂજારી બન્યો હતો, ભાવને બદલે દ્રવ્યનો પૂજારી બન્યો હતો–ને છતાં હું તો માનતો કે મેં તો ભાવપૂજા જ આદરી છે. પ્રભુનો વિરહ મારે માટે અસહ્ય હતો એ અસહ્યતા જ મારી અશક્તિ હતી એ કારણે અનેક નાના નવદીક્ષિત સાધુઓ ઝટઝટ સાધ્યને વરી ગયા ને હું એવો ને એવો બેઠો રહ્યો. ભગવાન ઘણીવાર કહેતા :

'ગૌતમ, મોહ અને ભ્રાન્તિનું સામ્રાજ્ય સર્વત્ર પ્રસરેલું છે. અસંખ્ય કોટિ પ્રકાશ એક અમ્બુ માત્ર રજકણોથી આવરેલો રહે છે. તને ક્યાં ખબર છે કે રાગ એવી ચીજ છે, કે જે સહસ્ર શતાબ્દીઓના સ્વાધ્યાય સંયમને, તપ–તિતિક્ષાને નિર્માલ્ય બનાવી નાખે છે. સાગરના સાગર ઓળંગી નાખનાર સમર્થ આત્માને ખબર નથી હોતી કે કેટલીક વાર કિનારા પાસે જ એનું વહાણ ડૂબે છે. સૂરજ છાબડે ઢંકાયો એવી કહેવત કેટલીક વાર જ્ઞાનીઓ જ સાચી પાડે છે. કારણ કે વિશ્વજીવનના સર્વ નિયમ ચમરબંધી કે ચક્રવર્તી સહુને સરખા બાધ્ય કરે છે. ગૌતમ ! બધાં શુભ–અશુભ, પ્રિય–અપ્રિય, ધર્માધર્મ ત્યાગી દે ! નિરાલંબ બન ! આત્મબળ માત્રથી તારે છૂટવું ઘટે. એ વિના સિદ્ધિ ન સંભવે ! ગૌતમ, ફરીથી કહું છું, હાડચામની દીવાલો ભેદી નાખ ! ક્ષણભંગુર દેહને નજરથી અળગો કર ! બાહ્ય તરફથી દૃષ્ટિ વાળી અંતર તરફ જા ! ત્યાં ગૌતમ પણ નથી, મહાવીર પણ નથી, ગુરુ પણ નથી કે શિષ્ય પણ નથી ! સર્વને સમાન બનાવનારી પરમ જ્યોતિ ત્યાં વિલસી રહી છે.'

ગુરુ ગૌતમ આટલું કહીને થંભ્યા. અંતરમાં આનંદનો મહાસાગર ભરતીએ ચડ્યો હોય, તેવી તેમની મુખમુદ્રા હતી. અંતરની આરસી મુખમુદ્રા જ છે ને ! થોડી વારે ગુરુ ગૌતમ બોલ્યા :

'પણ ભક્તજનો હું માનતો કે પ્રભુ આ બધું બીજા કોઈને લક્ષીને કહે છે. સંસારમાં ગૌતમે તો આસક્તિમાત્ર છોડી છે ! પણ અંતરને ઊજળે ખૂણે એક આસક્તિ હતી, પ્રભુના દેહ પરના મમત્વની. દેહ તો ક્ષણભંગુર છે, ચિરંજીવ તો માત્ર આત્મા છે; એ હું જાણતો હતો: ક્ષણભંગુરની ઉપાસના ન હોય, એમ હું સહુને કહેતો હતો, પણ હું જ ભૂલ્યો ! છેલ્લી પળે મને અળગો કરી પ્રભુએ મારી ભ્રમણા, મારો મોહ દૂર કરી પોતાનું વચન પાળ્યું. પ્રભુનું મૃત્યુ તો મરી ગયું હતું–મારું પણ મૃત્યુ હવે મરી ગયું. આજ હું કૃતકૃત્ય થયો. મારા હૃદયમાં અનેક દીપકોનો પ્રકાશ ઝળઝળી રહ્યો છે. આજ મારા નવજીવનની પ્રથમ ઉષા ઊગી છે.

'પ્રભુએ નિર્વાણ પામી સંસારને સદાને માટે અખંડ પ્રકાશ, ન બુઝાય તેવી જ્યોતિ, ભાણસ ન ભૂલો પડે તેવો ધર્મ બતાવ્યો છે.

'જય હો મહાપ્રભુનો !'

મેદની ગુરુના પાયને વંદી રહી.

(શ્રી જયભિખ્ખુની 'વીરધર્મની વાતો' માંથી)

# પ્રણય : પાપ ને પુણ્ય !....

લે. વિમર્શ

(સંસારમાં જીવતાં માનવીઓ વચ્ચે અનેક સંઘર્ષો જોવા મળે છે. પણ માનવીના પોતાના જ જીવનમાં અનેક વિસંવાદી તત્વોનો સામનો કરે છે. તેની સદ્–અસદ્ વૃત્તિ તેના જીવનને ઘણાં વળાંક આપે છે. અહીં એવાંજ માનવીના અંતરની વૃત્તિઓનો વાર્તાના પાત્ર રૂપે આત્મા ને જવાનીનો સુંદર સંયોગ સાધ્યો છે. લાક્ષણિક શૈલીથી ને પત્ર રૂપે રજુ થતી આ વાર્તા વાંચવી જ પડશે.—તંત્રીઓ)

પ્રિયે ! તું તો મારી પ્રેરણામૂર્તિ છે !

કેવું ભવ્ય ને કલાત્મક સમર્પણ !!! મેં તો તને માત્ર સાદ જ કર્યો અને તું મારી બની ગઈ ! વિચારોની જરા ય બડમથલમાં તું ન ઉતરી. હું કેવો છું, મારો સ્વભાવ શું છે, વિચારો કેવા છે એની તેં જરાય ચિંતા ન કરી. અને યુગોથી જાણે મારી જ રાહ જોઈને બેઠી હોય એમ એકજ અવાજે તું મારા ચરણોમાં ઢળી પડી ! ત્યારે મેં તારામાં અખંડ શ્રદ્ધામુતિનાં દર્શન કર્યાં.

અને તું રૂપાળી પણ કેવી ? ભુરી આંખે તેં મને ખૂબ ખૂબ જોઈ લીધો. એ ઢળેલી નજરોથી તેં ખૂબ ખૂબ જાણી લીધો. નહિ તો પૂર્વનો કોઈ પરિચય નહિ, પહેલાંનો કોઈ સંબંધ નહિ, એવી મારી જુની કોઈ ઓળખ નહિ અને તારા જીવન આખાની મને ભેટ ધરતી ગઈ ! પ્રિયે ! તારું એ સ્વાર્પણ તો મને ચીરસ્મરણીય રહેશે. યુગોના અંત સુધી હું એ યાદ જાળવી રાખીશ.

અને તારું એ કથન કેટલું સત્ય છે ! હા ! હું તને આરપાર જોઈ રહ્યો હતો. થોડું ભારે માંસ, લાલચુંદ લોહી, ચામડીની સ્નિગ્ધતા અને ધોળી ભૂરી નસોમાં મને બહુ રસ નથી. અને તારી એવી મદીલી દેહલતામાં હું મુગ્ધ પણ નહોતો. હું તો તારા અગાધ ઊંડાણ માપી રહ્યો હતો.

મને તારી પેલી કાળી કીકીઓ નહિ પણ એની પાછળ પ્રકાશી રહેલો ભાવનાનો સ્ફુલિંગ દેખાતો હતો. તારા એ બંધ નાજુક હોઠ મને મહા-સાગરના બે કીનારાની યાદ આપી જતાં હતાં. અને વારંવાર તારા ગોરા વદન પર દોડી જતી લજ્જા અને ઊછળતી શરમ મને તારા પેલા નાજુક હૈયામાં ઊછળતી ઊર્મિઓનાં દર્શન કરાવી જતી હતી. અને ઊભા રહેવાની છટા જાણે દુનિયાને પડકાર ફેંકી રહી હતી, જાણે જીવંત લાપરવાહી ઊભી હતી ! થોડી થોડી વારે અથડાઈ જતી તારી એ નજરોમાં મેં આશાઓની દીપમાળા નિહાળી છે.

અને " ઝાલી લે મારો હાથ હું તો તારી જ છું. " કેટલો મંજુલ એ સ્વર હતો ! જીવતું સંગીત જાણે એમાંથી ગૂંજતું હતું.

પ્રિયે ! તારા એ નિર્ણયનો તો સમય જ હિસાબ આપશે હું નહિ. ને આહ ! તારું નામ પણ કેવું મધુરું છે !

યુ...વા...ની !... ઘડી થાય છે થોડી વાર ગાંડો બની એ નામ રટયાજ કરું. રટયાજ કરું, પણ ના, મારો એ સ્વભાવ નથી. એવો ક્ષણિક આનંદ મને પસંદ નથી. એવા અલ્પજીવા આવેગો મને મમતા પણ નથી.

યુવા–ની ! હું તો અનંતતાનો પૂજારી છું;

અમરત્વનો શરાબી છું. અખંડ આનંદનો હું ચાહક છું. અભંગિત સૌન્દર્યનો હું તો આરાધક છું.

આજ ઘણા વરસે લખવા બેઠો છું. તું આવી છે, અને મારી કલમ કવિતા બની ગઇ છે. મારા આ પત્રમાં હું તને મારા વિષે ખૂબજ લખવાનો છું. મારા જીવનની વાત કહેવાનો છું. મારા આદર્શોની કથા કહેવાનો છું.

સૃષ્ટિ પર જ્યારે મેં પહેલી આંખ ખોલી ત્યારે મેં મૃત્યુનું કરુણ ગીત સાંભળ્યું હતું. એ સંવેદનના સૂરોએ મારા હૈયાને હંમેશ ભીનું રાખ્યું છે. સવારના બહાર નીકળી સાંજે ઘરમાં પાછો ફરું છું ત્યારે એ ઘેરા સૂરો મારા હૈયાને હંમેશ રડાવે છે, અને એથી જ તો મારા હોઠ પર સદાય ઉદાસીનું કરુણ સ્મિત રહે છે.

જીવનનાં અનેક મંગલ પ્રસંગોનું હું સાક્ષી બન્યો છું. આનંદના નૃત્યોમાં જીવન આખાનું અસ્તિત્વ ભુલતાં માનવીઓ મેં જોયા છે. અને એજ માનવીઓને મેં ઘેરી કાળી નિરાશામાં આંસુ પાડતાં જોયાં છે. હૈયું કુટતા નિહાળ્યાં છે. ઘડી ફૂલ જેવા હસતા દેખાતા ચહેરાને મેં બીજી જ પળે બળી ગયેલા લાકડા જેવા બેરંગ જોયા છે. જીવન સર્જનનો આ નિર્દય વ્યાપાર જોઇ મારું અંતર મહામંથન અનુભવે છે. હોઠો પર સદાય સ્મિત કેમ ન રહે? આંખોમાં ઉમંગ કેમ અવિરત ન નાચ્યા કરે? એ સવાલોના ઉકેલ માટે મેં અનેક રાતો ઊંઘ વિના ગાળી છે.

અને મને સમજાયું છે માનવી કાગળના ફુલને સાચા ફુલ સમજીને મોહાંધ બની એને સૂંઘી રહ્યો છે! ઝાંઝવાના નીરને મહાસાગરના પાણી સમજી એ દોડી રહ્યો છે! ભયંકર અજ્ઞાનતાથી માનવી એનું જીવન ગુજારી રહ્યો છે.

પ્રિયે! એ અજ્ઞાનતાથી પડતા, આખડતા, કૂટાતા ને કચડાતા માનવીના જીવનની કરુણતા મારા હૈયાને હરહંમેશ બાળે છે.

શું સુખના ઉપભોગમાં દુઃખનો જ જન્મ છે? સુખ અમર કેમ નહિ? આનંદ શાશ્વત શા માટે નહિ? શાંતિ કાયમ ન રહી શકે? સુખ-શાંતિ-આનંદ-ઉમંગ આ બધાં અલ્પાયુષી કેમ? એ સદાય ચીરકાળ જીવી ન શકે?

અને યુવા-ની! એ શાશ્વતતાનો હું ધૂની બન્યો છું. અમરત્વનું મને ગાંડપણ લાગ્યું છે.

સંસારમાંથી મારે દુઃખ ને શોકને હમેશની વિદાય આપવી છે. આંસુ ને આહ, દર્દ ને વેદનાને મારે સદાય માટે ભસ્મ કરવાં છે.

દુનિયાની આ રંગભુમિ પર મારે સુખ ને શાંતિના સામ્રાજ્ય સ્થાપવાં છે. ઉલ્લાસ ને ઉમંગને મારે ચિરકાળ બનાવવાં છે.

મારું આ ધ્યેય છે. માનવજીવનની યાતનાઓ, એના સંઘર્ષો, એના સંવેદનો, એની કરુણતા એ બધાયને મારે બાળીને ખાખ કરવા છે.

પહેલાં જરા મને એમ હતું કે એ મારાથી નહિ બને. એ ઉચ્ચ આદર્શો માટે હું એકલો પડી જઇશ. અને તે મારાથી નહિ બને. આથી જરા કોઇવાર અસ્વસ્થતા આવી જતી હતી. પણ આજ હું શ્રદ્ધાથી કહું છું. તારો મને જો સદાયનો સાથ મળે તો આ પૃથ્વી પર સ્વર્ગ ઉતારું. નરક જેવા શબ્દને હંમેશને માટે વિદાય કરી દઉં.

પણ એ શા માટે?

તેંજ તો મને હાથ આપ્યો છે. જીવન આખુંય મને સમર્પી દીધું છે. મારો તું શ્વાસ બની છે. પછી અવિશ્વાસ શા માટે કરું?

આથી જ તો કહું છું–પ્રિયે! તું તો મારી પ્રેરણામૂર્તિ છે!

એજ લિ.
સદાય તારો જ
આતમ...

પ્રિયે! તું તો મારો આરાધ્ય દેવ છે!

તારો એક ઇશારો એ મારી પૂજા છે. તારો શબ્દ એ મારું મંગલગીત છે. હું તો તારી પૂજારણ છું. પ્રિયે!

કેટલું ભવ્ય અને ઉદાત્ત જીવન છે તારું ! ભાવનાઓનો જાણે તું ભભૂકતો અગ્નિ છે. અને તારે તો અમરત્વના જામ પીવા છે, નહિ ? અખંડ આનંદનો તું તો ચાહક છે નહિ ? તારે તો અભંગિત સૌન્દર્યની આરાધના કરવી છે, ખરું ને ?

પણ પ્રિયે ! તારું આ કોણ સાંભળશે ? માનવીને આજ જરાય ફુરસદ નથી. એના હૈયામાં આજ ક્યાંય ઊંડાણ નથી. એનું જીવન આજ સીમીત છે. એના સુખ અને સમૃદ્ધિના ખ્યાલો સાંકડા છે. અને પ્રિયે ! વધુ મુંઝવણ તો ત્યાંજ છે કે એને એ અંતિમ માની બેઠો છે.

હા, ક્યારેક દુઃખથી એ રડે છે. માથું કુટે છે. પણ સુખની એક છાયા મળતાં જ એ બધું વિસરી જાય છે. અને એ છાયાને જ મૂર્તિ માની એની આરાધના કરવા મંડી પડે છે.

પ્રિયે ! તારા આદર્શો માટે મને માન છે. વિશ્વહિતની તારી ઉમદા લાગણીઓ માટે મારું હૈયું તને નમી પડે છે. પણ મને બીક છે તારી એ ભાવનાઓ ક્યાંક તને જ ભરખી ન જાય !...... તારા એ ઉન્નત આદર્શો ક્યાંક તને જ ગબડાવી ન દે !......

આથી વ્હાલા ! તું એમ ન માનીશ કે હું તને નાહિંમત કરવા માગું છું, તારી સાધના એ તો મારી સાધના છે.

અને તેં તો મને તારી પ્રેરણામુર્તિ માની છે ખરું ને ? વિશ્વાસ રાખજે તારી એ શ્રદ્ધાને હું નહિ ડગમગવા દઉં. તારા દરેક કાર્યની હું પ્રેરણા બની રહીશ.

પણ દેવ મારા ! હું તો અબળા છું. તારા જેવી તાકાત મારામાં નથી. અનેક નબળાઈઓ મારામાં છે. પ્રિયે ! તું તો શ્રદ્ધામુર્તિ છે. મારામાં એવી શ્રદ્ધા નથી. તારા જેવો પેલો વૈરાગ્ય નથી. મને વાસના ગમે છે.

ને હું તો ચંચળ છું પ્રિયે ! બંધનો મને પસંદ નથી. હું એ સ્વીકારતી પણ નથી. પણ કોણ જાણે કેમ મને તારું આધિપત્ય ગમે છે. તારી એ ગુલામી મને રુચે છે. પણ મારા સ્વભાવની એ મોટી નબળાઈ છે. હું ક્યારેક ખૂબ જોરપૂર્વક બળવો કરી ઊઠું છું. મારા દિલમાં જે ઊઠતુ હોય છે તે હું મેળવીનેજ જંપું છું. અને તે સમયે હું બધું જ ભૂલી જઉં છું. ત્યારે મને બસ આટલું જ યાદ રહે છે. હું છું ને મારી વૃત્તિઓ છે.

તેના શમન માટે હું કોઈની પરવા નથી કરતી. દુનિયાનો કોઈ ભય મને ડરાવી નથી શકતો. હું બેફામ બનીને ત્યારે જીવું છું.

અને આ વિશ્વમાં મને જો કોઈ રોકનાર હોય તો આતમ મારા ! તું એકજ છે. તારી એ પકડની સ્હેજ પણ ઢીલ મારા જીવનને ઊંડી ગર્તામાં ફેંકી દેશે.

બાલમ ! મારા જીવન ધન ! મારા જીવનનું પતન કે ઉત્થાન એ તારા હાથોમાં છે. મારી જિંદગીની પ્રગતિ કે અધોગતિ એ તારી મજબુત મુઠ્ઠીમાં છે. મારું જીવન તો મેં તારા ચરણોમાં ધરી દીધું છે.

તારું ઘર હવે મારું મંદિર છે.

પ્રિયે ! તું તો મારો આરાધ્ય દેવ છો !

એજ લિ.

સદાય તારી જ

યુવા–ની...

પ્રિયે !

તું હતી, મંદિર ત્યારે ભવ્ય હતું !

તું નથી, મંદિર આજે ખંડેર છે.

હા, મને યાદ છે તેં એક પત્રમાં લખ્યું હતું: "મારા જીવનનું પતન કે ઉત્થાન એ તારા હાથોમાં છે." અને મેં તારી ખુબ ખુબ સંભાળ રાખી. તારો વિકાસ થાય એ માટે મેં રાતદિન ચિંતા રાખી. તને મેં પ્રેમ આપ્યો. જિગરનું ખૂન મેં તારી પ્રગતિ માટે નીચોવી નાખ્યું. દુનિયા–ભરમાં તને કીર્તિ કમાઈ આપી. "યુવા–ની" એ નામ

લોકજીભે રમતું બની ગયું. જગતની મહાશાત્રાજ્ઞી તું બની!...

અને કીર્તિનો તને કેફ ચડયો. સત્તાનો નશો તારી ધમણીઓમાં દોડવા લાગ્યો, ને...

એક દિવસે તેં મારો તિરસ્કાર કર્યો. મારૂં યૌવન તને ખૂંચવા લાગ્યું. મારો વૈરાગ્ય, મારૂં તપ, મારો સંયમ એ બધું તને જુનું રૂક્ષ, નિરસ ને બેરંગ લાગવા માંડયાં. મારો સહવાસ ત્યારે તને કંટાળો આપવા લાગ્યો.

પણ એની હું ફરિયાદ નહિ કરૂં. પરંતુ આટલું તો જરૂર કહીશ કે જે "વિલાસ"ના પ્રેમમાં તું આજ પડી છે એ વિલાસ એક દિવસ તારો જાન લઇને રહેશે.

તેનો પહેલો પરિચય તને થયો ત્યારે જ મેં તને કીધું હતું–"યુવા–ની! એની ભભકમાં ન અંજાઇશ. એના શણગારમાં ન લોભાઇશ. એની સુંવાળપ હેઠળ ઝેરી કાંટા પથરાયેલા છે. આજ તને એનો સ્પર્શ ભલે હુંફ આપતો હોય, એનો સહવાસ ભલે તને આજ આનંદ આપતો હોય પણ એ "વિલાસ" તારા મોતનો સંદેશ છે."

પણ...ત્યારે તેં ન માન્યું. હું તારે ત્યાં મળવા આવ્યો, તેં મળવાની ના પાડી, અને રડતી આંખે પાછો ફર્યો. મારી આંખમાં ત્યારે આંસુ હતાં, મારા હૈયામાં વેદના રડતી હતી.

અને તું એમ ન માનીશ કે મને તારા પ્રણયનાં નિષ્ફળતા રડાવતી હતી. વિલાસની ઇર્ષ્યા મને બાળતી હતી એમ નહતું. મને તો તારું પતન રડાવતું હતું. તારી અધોગતિ મને અકળાવતી હતી. અને અનેક વાર મેં તને તારા રાહેથી પાછા ફરવા કહ્યું પણ તેં મારી એકપણ ન સાંભળી......

હું હતાશ થઇ ગયો. મારું હૈયું ભાંગી પડયું પ્રિયે!

તું હતી, મંદિર ત્યારે ભવ્ય હતું! તું નથી મંદિર આજ ખંડેર છે!......

પણ જ્યારે તને એમ લાગે કે હવે "વિલાસ" તારો નથી, એનાથી તને ક્યારેય પણ અસંતોષ થાય, કદાચ જીવન જીવવા જેવું ન લાગે ત્યારે પ્રિયે! મારાં બારણાં ખટખટાવજે. તારો પ્રિયતમ તારૂં જરૂરથી સ્વાગત કરશે.

એજ લિ○

હમેશનો

તારો જ આતમ...

પ્રિયે! તારી યાદ તો મારી આંસુઓની કવિતા બની છે!

માફ કરજે નાથ! આજ ઘણા વરસે પત્ર લખું છું. તેં એ પત્રમાં ઠીક જ લખ્યું હતું– "વિલાસ મોતનો સંદેશ છે."

અને પ્રિયે! ખરેખર, વિલાસે મારી જિંદગીનું નૂર હણી લીધું છે. આજ મારું જીવન જીવન નથી. જાણે જીવતી લાશ દિવસ ગણે છે ને કપડાં બદલે છે.

પ્રિયે! તારો સાથ છોડયો ને જિંદગી લૂંટાઇ ગઇ! ગલી ગલી એની પાછળ હું ભટકી. એના ઇશારે નાચી. એના સહવાસમાં અનેક રાતો મેં જાગી, દિવસનું ભાન ભૂલી રાતની યાદ ખોઇ. એના પ્રેમ મેળવવા મેં જાતને પણ વેચી!...

શરૂના દિવસો તો જાણે સ્વર્ગની મહેફીલ જેવાં લાગ્યાં. એના પુરુષત્વના ઉપભોગમાં અનેરો આનંદ મળ્યો. શરાબ મીઠી લાગી. સંગીત મધુરું લાગ્યું. રાતો ઉજળી લાગી.

પણ પ્રિયે! જેના માટે હું વલખતી હતી એ મને ન મળ્યુ. સૌન્દર્ય મળ્યું પણ સુવાસ ન સાંપડી. ઉપભોગ મળ્યો પણ હૈયાનો ઉલ્લાસ ન જડયો. સાહચર્ય સેવ્યું પણ સ્નેહ ન મળ્યો.

હું ભૂખી ને ભૂખી રહી. ને એ ભૂખે હું વધુ માંદી બની. હું ભાન ભૂલી ગઇ. હા, તારી એ રડતી સૂરત મને કયારેક યાદ આવી જતી હતી. ઘડી થતું, તારી પાસે દોડી આવું. તારા એ આંસુઓને ઝીલી લઉં.

પણ મને વિલાસનું ઘેલું લાગ્યું હતું. અંતર તારા તરફ જોર કરી રહ્યું હતું પણ એનું આકર્ષણ

પ્રબળ હતું કે તારી ઉપેક્ષા કરીને હું ચાલી ગઇ!... તારા નિઃશ્વાસ મારા જીવનને ઘણીવાર બેચેન બનાવી જતા હતા. હું ખોટું કરું છું, હું અવળે પંથે છું એવું ઘણીવાર દિલ જોર કરીને કહેતું હતું પણ હું વિવશ હતી. લાચાર હતી. વાસનાની ગુલામ બની હતી.

આજ એ બધું યાદ આવે છે ને આંખમાંથી લોહીના આંસુ સરે છે. આ જિંદગીને જીવતા સળગાવી દેવાનું મન થાય છે. કેટલી ખરાબ જિંદગી મેં કરી નાંખી છે ! !

તારો એક પણ સંસ્કાર મેં રહેવા નથી દીધો. બેફામ બનીને હું જીવી છું. મનમાં જે આવ્યું છે તે કર્યું છે. દિલમાં જે ભાવ્યું છે તે બધું મેળવ્યું છે. ખાવા જેવું ખાધું છે. ન ખાવા જેવું ખાધું છે. પેય અપેયનો કંઇ વિચાર નથી કર્યો. ખૂબજ સ્વચ્છંદ વિહાર કર્યો છે. કશાની પરવા નથી કરી, પાપના ખ્યાલ રાખ્યા નથી. ભગવાનને યાદ કર્યો નથી. બસ વૃત્તિઓએ જે માંગ્યું તે હાજર કર્યું છે. આંખો મીંચીને બસ જીવ્યા જ કર્યું છે. ભટકયા જ કર્યું છે.

આજ જિગર પસ્તાય છે. એની આંખમાં આજ વેદના સળગે છે. હૈયાની સંવેદના એમાંથી ટપકે છે.

પ્રિયે ! ત્યારે જ તારું કહ્યું માન્યું હોત તો તારી આ યુવા–ની આમ ગંદી ન બનત. આજ મારી પાસે બબ્બે જિંદગીઓનો અનુભવ છે. એક બાજુ તારી સાથેનું જીવન છે. બીજી બાજુ વિલાસ સાથેનું જીવન છે.

એ જીવનની યાદ આવતાં આજ મને ધિક્કાર છૂટે છે. લાખ લાખ ધિક્કાર વરસાવવાનું મન થાય છે. હજારો શ્રાપ તૂટી પડો એમ કહેવાનું દિલ થઈ આવે છે. વિલાસે મારી જિંદગીને બરબાદ કરી નાખી છે. મારા ચારિત્ર્યમાં એણે આગ ચાંપી દીધી છે.

પ્રિયે ! શું મોં લઇને હું તારા બારણે આવું? ક્યા અંતરથી તને સાદ કરું ? તને મેં દગો દીધો છે. તારો વિશ્વાસઘાત કર્યો છે. કઇ હિંમતથી હું તારા ઘરે પાછી ફરું ?

નાથ ! માફ કરજે. રહમ દેજે. તું તો ઉદાર છે. દરિયાવદિલ છે. ક્ષમા કરજે મારા પ્રાણ ! લાખ લાખ ક્ષમા કરજે...

હું તો આજ એકાકી છું. નિઃસંગીની છું. આતમ મારા ! મને તારું સાતત્ય દેજે. એક મીઠું ચુંબન દેજે. હુંફાળું એક હળવું આલિંગન દેજે મારા પ્રાણેશ !

નાથ ! માફ કરજે. ફરી ફરી માફ કરજે !

તારું એ સંયમી ને વેરાગી સાહચર્ય જ હવે મારા જીવનનો પંથ છે. તું જ હવે મારી મંઝિલ છે. આતમ મારા ! તું જ મારી સાધના છે હવે !

પ્રિયે ! તારી યાદ તો મારી આંસુઓની કવિતા બની છે.

એજ લિ.
પ્રેમાતુર
તારી જ
યુવા–ની...

---


# સોનેરી તક—

'બુદ્ધિપ્રભા' સપ્રેમ ભેટ ધરે છેઃ આકર્ષક, દર્શનિય એવું સચિત્ર ભેટ પુસ્તક.

આ પુસ્તકની વધુ નકલો અમે કઢાવી છે. હવે પછીથી જે **પાંચ વરસના** ગ્રાહક બનશે તેને આ ભેટ પુસ્તક મોકલવામાં આવશે.

પુસ્તકનો સંગ્રહ પૂરો થઈ જાય તે પહેલાં આપ પાંચ વરસના ગ્રાહક બની આ ભેટ પુસ્તકનો સત્વરે લાભ ઉઠાવો.

# શાસન સમાચાર

## ખંભાત

અત્રે શ્રી કાન્તીલાલ કેશવલાલ ઝવેરીના અધ્યક્ષપણા હેઠળ ખારવાડાના ચોગાનમાં ભ. મહાવીર સ્વામિનો જન્મકલ્યાણક મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ નિમિત્તે રાતના સંસ્કાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રવચનો, સંગીત અને સંવાદ વ. રજુ કરવામાં આવ્યા હતા. શ્રી યોગેશભાઇ દેસાઇ સીવીલ જજ, શ્રી કાન્તીલાલ કાપડીયા એડવોકેટ, શ્રી છબીલદાસ સંઘવી (બુધ્ધિપ્રભાના તંત્રીશ્રી), શ્રી રતિલાલ બી. શાહ, માસ્તર શાન્તિલાલ મણિલાલ કાપડિયા, કનુભાઈ મનુભાઇ અને શ્રી નીરૂબેન દંતારાએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં અને શ્રી પુંડરિકભાઇ ચોકસીએ આભાર માનતા આ કાર્યક્રમ સફળ રીતે ઉજવાયો હતો.

ઓશવાલના નવા ઉપાશ્રયમાં પણ સવારે ૯ થી ૧૧ મહાવીર જન્મકલ્યાણક નિમિત્તે શ્રી કાન્તિભાઇના પ્રમુખસ્થાને સંસ્કાર કાર્યક્રમ ઉજવાયો હતો. તેમાં શ્રી પ્રભાવતીબેન તથા વિજયાબેન વિ. ના પ્રયત્નથી બેનોના ગરબા ગીતો વિ. થયા હતા.

## કપડવંજ

અત્રે ભ. મહાવીરના જન્મ પ્રસંગે આખા દિવસનો ઉત્સવ યોજવામાં આવ્યો હતો. સવારમાં ભવ્ય વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. અને શ્રી નેમનાથજીના ઉપાશ્રયમાં પૂ. પ્રબોધસાગરજી મ. સા. ભ. ના જીવન વિષે સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. બપોરના શ્રી પ્રેમચંદ રતનજી તરફથી અષ્ટાપદજીના દેરાસરે પૂજા ભણાવવામાં આવી હતી. અને રાતના શ્રી રમણલાલ શંકરલાલના પ્રમુખપણા હેઠળ મેળાવડો કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી વીશાનીમા જ્ઞાતિમંડળ, મુંબઇથી આવેલ ઈનામો તેમજ બીજા પણ ઇનામો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઇનામોમાં ૧૨–૩–૬૧ ના રોજ લેવાયેલી પૂ. પ્રબોધ સાગરજી તથા શ્રી વાડીલાલ જવેરીએ સૂત્ર શુધ્ધિ હરિફાઇના ઇનામો પણ પ્રમુખશ્રીના વરદ હસ્તે વહેંચાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી મફતલાલ પરીખ તથા રજનીકાન્તભાઇએ સારો શ્રમ લીધો હતો.

## અમદાવાદ

શાહપુર દરવાજાના ખાંચામાં પૂ. આ. વિકાસચંદ્રસૂરિની નિશ્રામાં સા. શ્રી ચંપાશ્રીજીના સદુપદેશથી વૈ. સુ. ૬ શાન્તિસ્નાત્ર ઉજવાશે. ક્રિયાવિધિ શ્રી ફુલચંદભાઇ તથા તેમના પુત્ર શ્રી ભુરાભાઇ કરાવશે.

અત્રે ફાગણ વદ અગિયારસના રોજ પરમ પૂજ્ય મુનિરાજશ્રી સ્વ. શ્રી વિદ્યાવિજયજી મ. સા. ના શિષ્યરત્ન શ્રી પૂર્ણાનંદજી મ. ના શુભ હસ્તે શ્રી દેવચંદભાઇની દીક્ષા થવા પામી હતી. અને શ્રી દેવવિજયજી નામ રાખવામાં આવ્યું છે. તેઓશ્રીની પ્રેરણાથી શ્રી લાખાભાઇ ચુનીલાલે આયંબીલની ઓળી કરાવી હતી. સા. મ. શ્રી ચંદ્રાશ્રીજી તથા શ્રી સદ્ગુણાશ્રીજીના પ્રેરક સહવાસથી બેનોમાં પણ સારી જાગૃતિ આવી હતી.

ચૈત્ર વ. છઠના મધ્યાહ્ને પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ માણિક્યસાગર સૂરિશ્વરજીના આજ્ઞાવર્તિની સ્વ. વ. વૃ. સા. મ. હિરશ્રીજીના વયોવૃધ્ધ શિષ્યા શ્રી પુષ્પાશ્રીજી સમાધિસહ કાળધર્મ પામ્યા છે પ્રભો તેમના આત્માને શાંતિ બક્ષો !

## લુણાવા

અત્રે પૂ. મુનિરાજ શ્રી અમરેંદ્રવિજયજી તથા શ્રી પુણ્યોદયવિજયજીની નિશ્રામાં શ્રી વીર પ્રભુનું જન્મકલ્યાણક ઉજવવામાં આવ્યું હતું. સરકારી

નિશાળમાં વિદ્યાર્થીઓ તથા નગરજનો સારી સંખ્યામાં ભેગા થયા હતા. અધ્યાપક શ્રી ભોગીલાલભાઈ તેમજ મુનિપુંગવોએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

અત્રે શ્રીમદ્ આચાર્યદેવેશ શ્રી રામસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન ઉપાધ્યાયજી ધર્મવિજયજી આદિ ઠાણા ચાતુર્માસ કરી રહ્યા છે. તેમની શુભ પ્રેરણાથી આયંબિલની ઓળીમાં ૧૨૫ ભાઇ બેનોએ લાભ લીધો હતો. મુનિરાજ શ્રી પુણ્યોદયવિજયજી નિયમીત વ્યાખ્યાન આપી રહ્યા છે.

## બોડેલી

અત્રે શ્રી મહાવીર જયંતિ નિમિત્તે એક સંસ્કાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મુંબઇથી બોમ્બે કોટન એક્ષચેન્જના શ્રી ચીમનલાલ પરિખ, બેન્ક ઓફ બરોડાના લીગલ એડવાઇઝર શ્રી રમણલાલ ગાંધી, શ્રી ચંદુભાઈ વકીલ, અને શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી પધાર્યા હતા. સુરતથી ડૉ. અમીચંદ છગનલાલ શાહ પણ હાજર રહ્યા હતા. મહેમાનોએ સાલપુરા ગામમાં ચાલતાં પ્રચાર કાર્યનું નિરીક્ષણ કર્યું હતું અને સંતોષ વ્યક્ત કર્યો હતો શ્રી કમળાબેન અમીચંદ છગનલાલ તરફથી સંસ્થા તરફથી ચાલતી દુકાનોમાંથી એક દુકાન માટે રૂા. ૨૫૦૧) અર્પણ કર્યા હતા. ડોકટર સાહેબ તરફથી વિદ્યાર્થીઓને એક એક રૂપિયાનું ઇનામ વહેંચ્યું હતું.

## વિજાપુર

અત્રે શ્રી પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ આચાર્ય પ્રવર શ્રીમદ્ ઋધ્ધિસાગરસૂરિશ્વરજી તથા પૂજ્યપાદ શ્રીમદ્ આચાર્યદેવેશ શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી આદિ ઠાણાના સાનિધ્યમાં ઓળીની આરાધના રૂડી રીતે થવા પામેલ છે પેથાપુર સંઘની વિનંતિને માન આપી આ. મ. શ્રી ઋધ્ધિસાગરજી મં. પેથાપુર પધારશે. અને પાટણમાં, રાજકાવાડા લખીયારવાડામાં શ્રી સીમંધરસ્વામીના દેરાસર તેમજ શાસન રક્ષક શ્રી ઘંટાકર્ણ મહાવીરની પ્રતિમાની પ્રતિષ્ઠા હોવાથી પાટણ પધાર્યા છે.

આચાર્ય શ્રીમદ્ કીર્તિસાગરસૂરિજી, પં. મહોદયસાગરજી, દુર્લભસાગરજી, સુરેન્દ્રસાગરજી, બુ. પ્ર. ના પ્રેરક શ્રી ત્રૈલોકયસાગરજી વિ. એ પાટણ રાજકાવાડાની પ્રતિષ્ઠા નિમિત્તે વિહાર લંબાવ્યો છે.

## પૂજ્યપાદ પ્રશાન્તમુર્તિ ઉપાધ્યાય શ્રી. કૈલાસસાગરજીના સદુપદેશથી—

— વાર્ષિક —

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી. | મોહનલાલજી લાયબ્રેરી | મુંબઈ |
| ૨ | ,, | જૈનાનંદ પુસ્તકાલય | સુરત |
| ૩ | ,, | જૈન સાહિત્ય મંદિર | પાલીતાણા |
| ૪ | ,, | જૈન સેવા સમિતિ | જોધપુર |
| ૫ | ,, | જૈન સંઘ લાયબ્રેરી | કલકત્તા |
| ૬ | શ્રી. | આત્માનંદ સભા | ભાવનગર |
| ૭ | ,, | જૈન ધર્મ પ્રચારક સભા | ,, |
| ૮ | ,, | વિજયદાનસૂરિ જ્ઞાનમંદિર | અમદાવાદ |
| ૯ | ,, | શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર | પાટણ |
| ૧૦ | ,, | જૈન શ્વેતાંબર ઉપાશ્રય | ભૂજપુર |
| ૧૧ | શ્રી. | વિનયચંદ દુર્લભદાસની કું. | મુંબઇ-૩ |
| ૧૨ | ,, | સંજયકુમાર જયંતીલાલ | નવસારી |

## શ્રી. ગણેશ પરમારની શુભ પ્રેરણાથી

— પંચવર્ષિય —

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી. | ચંદુલાલ કસ્તુરચંદ | મુંબઇ-૩ |
| ૨ | ,, | જગદીશ એન્ડ કું. | મુંબઇ-૪ |
| ૩ | ,, | બાબુલાલ છોટાલાલ | મુંબઇ-૨ |
| ૪ | ,, | મણીલાલ છગનલાલ | અમદાવાદ |

## શ્રી. પ્રવીણચન્દ્ર છોટાલાલની શુભ પ્રેરણાથી

## અમદાવાદ. (રાજનગર)

— પંચવર્ષિય —

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી. | છોટાલાલ નાગરદાસ | સાબરમતી |
| ૨ | ,, | મણીલાલ મગનલાલ | ,, |
| ૩ | ,, | બબાભાઇ મગનલાલ | ,, |
| ૪ | ,, | શકરાભાઈ મગનલાલ | ,, |
| ૫ | ,, | વાડીલાલ મગનલાલ | ,, |
| ૬ | ,, | મણીલાલ ડાહ્યાભાઈ | ,, |
| ૭ | ,, | બાબુલાલ મણીલાલ | ,, |
| ૮ | ,, | મણીલાલ લલ્લુભાઇ | ,, |
| ૯ | ,, | રતીલાલ નગીનદાસ | ,, |
| ૧૦ | ડૉ. | ધીરજલાલ કેશવલાલ | ,, |

## શ્રદ્ધાંજલિ.....



**ભાવનગરનિવાસી સ્વ૦ સાંકળીબેન ખીમચંદભાઇ**

વૈષ્ણવ કુટુંબમાં જન્મીને પણ અંતર્યામીના અવાજથી જેઓએ જૈનત્વનો સ્વીકાર કરી, સિદ્ધાચળની નવ્વાણુ યાત્રા, ત્યાં જ બે ચાતુર્માસ અને છેલ્લા ત્રીસ વરસથી ઉકાળેલું પાણી જ પીવાનો આગ્રહ રાખી અને બીજી અનેક ધાર્મિક ક્રિયાઓ કરી જેઓ સદ્દગત થયાં છે તેવા ભાવનગરનિવાસી શ્રી **સાંકળીબેન ખીમચંદભાઇના** સ્મરણાર્થે તેઓશ્રીના સુપુત્ર **શ્રી ગીરધરલાલ ખીમચંદભાઇએ "બુદ્ધિપ્રભા"** તરફથી પ્રગટ થનાર ભેટ પુસ્તકમાં શ્રી સ્તંભન પાર્શ્વનાથનો રંગીન ફોટો મુકવા માટે રૂા. ૧૫૧)ની ભેટ આપી છે.

સદ્દગત આત્માને શાંતિ મળો અને તેમના કુટુંબીજનોને તેમની ખોટ સહન કરવાની પ્રભો શકિત બક્ષો એજ પ્રાર્થના !

**—તંત્રીઓ**

## આભાર અને અભિનંદન



**શ્રી માણેકલાલ મગનલાલ અને તેમનાં ધર્મપત્ની**

શ્રી માણેકલાલ મગનલાલ જેઓ લાલપુર રહે છે તેઓશ્રીએ "બુદ્ધિપ્રભા"ને રૂા. ૧૫૧) અર્પણ કર્યા છે. ગયા અંકમાં અમે તેની નોંધ લીધી છે પરંતુ સમય મોડો પડવાથી અમે તેઓશ્રીનો બ્લોક પ્રગટ નહોતા કરી શકયા. ક્ષમા.

તેઓશ્રીએ જે જ્ઞાનનું આ રીતે અનુમોદન આપી અમારા કાર્યને વેગવંતુ બનાવી પ્રોત્સાહિત કર્યા છે તે માટે અમો તેમને અભિવાદન કરતાં તે રકમનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

**—તંત્રીઓ**

# ચાલુ સફરે............

## શું આપ "બુદ્ધિપ્રભા" ના ગ્રાહક બન્યા ?

જો ન બન્યા હોય તો આજે જ ગ્રાહક સભ્ય તરીકે નામ નોંધાવો.

"બુધ્ધિપ્રભા" એટલે શ્રી ૧૦૮ ગ્રંથપ્રણેતા યોગવિજેતા મહાન વિભૂતિ અધ્યાત્મજ્ઞાનદિવાકર શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરીશ્વરજીની વિચારધારા વહેતું કરતું સામયિક.

"બુધ્ધિપ્રભા" એટલે સરળને સુબોધ ભાષામાં જૈન ધર્મની ફીલસુફી સમજાવતું માસિક.

"બુધ્ધિપ્રભા', એટલે યુગબળ સાથે દોડતું વાંચન'

એ ગંભીર તત્વજ્ઞાન પીરસે છે. એ સમાજ ધર્મ, સેવા. વિ૦ના સવાલોની તટસ્થ ચર્ચા કરે છે. એ દર અંકે સાહિત્યરોચક વાર્તાઓ વંચાવે છે. અને નવીન શૈલીથી ભાષાની ઝમક રજુ કરતી ચિંતનકણિકાઓ તેમાં આવે છે. જ્યોતિર્ધરોનાં સંક્ષિપ્તમાં જીવન આલેખી અંજલીઓ અર્પે છે. એ શાસનના સમાચાર તમને જણાવે છે, અને વરસમાં ત્રણ ત્રણ વિશેષાંકો આપે છે.

માત્ર એકજ વરસમાં એણે અઢી હજાર ઘરોનું ઉદ્ઘાટન કરવા સાથે પોતાનું સ્થાન જમાવ્યું છે. અને કુટુંબીઓના અંતરમાં પ્રકાશ પાથર્યો છે.

**"બુદ્ધિપ્રભા" એટલે જ્ઞાનની ગંગા**

**"બુદ્ધિપ્રભા" એટલે જીવનનૈયાને ભયકીનારો બતાવતી દીવાદાંડી**

આ બધું છતાં લવાજમ તેમજ જાહેર ખબરના ચાર્જ જ્ઞાનપ્રચારના હેતુથી ઘણાજ ઓછા રાખવામાં આવેલ છે.

પાંચ વરસના ગ્રાહકના રૂા. ૧૧ : ૦૦ બે વરસના ગ્રાહકના રૂા. ૫ : ૦૦
ત્રણ ,, ,, રૂા. ૭ : ૦૦ એક ,, ,, **માત્ર અઢી રૂપિયા**

## જાહેર ખબરના ભાવ

| | વાર્ષિક | છ માસિક | ત્રિમાસિક | માસિક |
|---|---|---|---|---|
| ટાઇટલ પેજ ચોથું:- | ૩૨૫ | ૧૭૫ | ૧૦૦ | ૩૫ |
| " પેજ ત્રીજું :- | ૨૫૦ | ૧૩૦ | ૭૦ | ૨૫ |
| ૧ | ૧૭૫ | ૧૦૦ | ૬૦ | ૨૦ |
| ૧/૨ | ૧૦૦ | ૬૦ | ૩૫ | ૧૫ |
| ૧/૪ | ૬૦ | ૩૫ | ૨૦ | ૮ |
| ૧/૮ | ૩૫ | ૨૦ | ૧૨ | ૫ |

વધુ વિગત માટે લખો :—
**શ્રી. તંત્રીઓ, "બુદ્ધિપ્રભા" કાર્યાલય,**
દાદા સાહેબની પોળ, **ખંભાત.**

આ માસિક માણેકલાલ હરજીવનદાસ શાહે "ગુજરાત ટાઇમ્સ" પ્રિન્ટીંગ પ્રેસ નડીઆદમાં છાપ્યું અને તેના પ્રકાશક બુધ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી હિંમતલાલ છોટાલાલે ત્રણ દરવાજા ખંભાતમાંથી પ્રગટ કર્યું.

# જીવન ઝરમર

( સ્વ. માણેકલાલ ચુનીલાલ )

અમદાવાદ

પિતા પુત્રની ઝંખના કરે છે. મા દીકરીની

પુત્ર એ કુળની આશા છે. એ કુળદીપક છે.

ચુનીલાલ સુરજમલની આશા ફળી.

સં. ૧૯૪૧!

પુત્ર થયો. ફુલ ખીલ્યું!....

માએ એને વ્હાલથી એને માણેકીયો કહી

પ્યાર કર્યો

પિતાએ ઝવેરીની કુશળતાથી

ઘડતર કર્યું.

માએ સંસ્કાર આપ્યાં.

ધર્મનું ધાવણ ધવડાવ્યું.

માણેકલાલ મોટા થયા.

કળી ગુલાબ બની!

જીવનની પરાગ પમરી ઊઠી. અને–

માણેક ચંપાના હારમાં પરોવાઈ ગયું!

મોકમચંદ રતનચંદની દીકરી

બેન ચંપા

માણેકલાલ ચુનીલાલની પત્ની બની આવી.

સંસાર શરૂ થયો. દીવે દીવો પેટાવ્યો!

દેવેન્દ્રકુમારનો જન્મ થયો.

બે દીવડીઓ પણ ઝગમગી ઉઠી.

બેન નિર્મળા; બેન સુર્યકાન્તા,

પૈસો હતો. સંસ્કાર હતા.

ભાવના હતી. ધર્મની ધૂન હતી.

ઝવેરીવાડ, આંબલીપોળમાં ઉપાશ્રય બંધાવ્યો.

પૂ. પ. પ્ર. શ્રી મહોદય સાગરજી મ. સા. ને

પન્યાસ મહોત્સવ ઉજવ્યો.

કલાનો અભ્યાસ કર્યો.

સ્થાપત્યમાં રસ લીધો.

રત્નોની જીવનમાં કેળવણી કરી.

જીવન રત્નના તેજથી પ્રકાશી ઊઠ્યું.

અને....

તા. ૧૬-૧૨-૫૮!!!...

રતન એનો ઝગમગાટ મૂકી

ખોવાઈ ગયું......

સ્નેહીઓનો સ્નેહધન ગયો!....

કુટુંબનો અમૃતકુંભ ફૂટ્યો!...

સમાજનો નર રત્ન ગયો!...



ધર્માભિરામપ્રિય શ્રી ચંપાબેને

સ્વર્ગસ્થને અંજલિ અર્પી...

વર્ધમાન આયંબીલ ખાતાને

રૂા. ૫૦૦૧) ની સખાવત કરી

"બુદ્ધિપ્રભા" ને

રૂા. ૫૦૧) ની ભેટ ધરી....

માનવી જાય છે અને

એની યાદ બાકી રહે છે...

એ પુણ્યાત્માની

સ્મૃતિમાં.......